# વૈદેહીની વાણી

## કાવ્ય સંગ્રહ



બીના પીઠડીયા ''વૈદેહી''

# વૈદેહીની વાણી

**કાવ્યસંગ્રહ**

**બીના પીઠડીયા "વૈદેહી"**

**વિશ્વ હિન્દી સાહિત્ય સંસ્થાન**
૯, માધવ પાર્ક વિભાગ-૨, માધવ ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે,
વસ્ત્રાલ, અમદાવાદ-૩૮૨ ૪૧૮.

વૈદેહીની વાણી

by : બીના પીઠડીયા ''વૈદેહી''

© લેખકના

**ISBN : 978-93-5980-053-0**

પ્રથમ આવૃત્તિ : **2023**

કિંમત : ₹ **225/-**

પ્રકાશક :
**વિશ્વ હિન્દી સાહિત્ય સંસ્થાન**
૯, માધવ પાર્ક વિભાગ-૨, માધવ ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે,
વસ્ત્રાલ, અમદાવાદ-૩૮૨ ૪૧૮.
અમદાવાદ

મુદ્રક :
ડોટકોમ પ્રિન્ટર્સ
ડી-૧૩, રવિ એસ્ટેટ,
તાવડીપુરા, અમદાવાદ

# અર્પણ...



જે વ્યક્તિએ પોતાના જીવથી પણ વધારે મારું જતન કરી, ખૂબ જ લાડ કરાવ્યા અને ઉચ્ચ સંસ્કારવાળી જીવનરીતિ શીખવી. અમાપ પ્રેમ જેના થકી મને જીવનમાં મળ્યો તેવા મારા વહાલા પપ્પા સ્વ. કિશોરભાઈ એ. રાઠોડના ચરણોમાં મારું આ કાલુંઘેલું સર્જન ''વૈદેહીની વાણી'' કાવ્યસંગ્રહ અપર્ણ કરતાં પરમ ધન્યતા અનુભવું છું. આ કાવ્યસંગ્રહ મારા પિતાને સમર્પિત...

- બીના પીઠડીયા ''વૈદેહી''

## પ્રસ્તાવના

ઉમદા કવયિત્રી "વૈદેહી" જેઓ અમદાવાદનાં રહેવાસી છે. ભલે અભ્યાસ ઓછો પણ મા સરસ્વતીની અસીમ કૃપા તેમનાં પર વરસેલી છે. અને જેમ કાલિદાસ માતાની આશિષથી કવિ બની ગયા તેમ બીના બહેનની કલમ પણ અવિરત પ્રવાહ વહાવી રહી છે. તેમની આ "વૈદેહીની વાણી" કાવ્યસંગ્રહમાં એમના મનમાં ઉદ્ભવેલી વિવિધ લાગણીઓ, ભાવનાઓને શબ્દ દેહ મળ્યો છે. ખૂબ નાની ઉંમરે એક એકથી ચડિયાતી ખૂબ સરસ રચનાઓ કાવ્ય રૂપે રજૂ કરાય છે. જે વાંચતા ભવવિભોર બની જવાય છે.

બીનાબેન વિવિધ સાહિત્ય ગ્રુપોમાં વિવિધ પ્રકારે કાવ્યોનું સર્જન કરે છે તથા પ્રથમ વિજેતા ઘોષિત થયાં કરે છે. તેમની રચનાઓ અનેક સમાચાર પત્ર, સામયિક અને અંકોમાં છપાતી આપણને જોવા મળે છે. પ્રેમ, ત્યાગ, બલિદાન, વિરત્ત્વ, હાસ્ય, કરુણા જેવા વિવિધ ભાવોને કાવ્યમાં મઠારીને તેને ઉમદા રચનાનું રૂપ આપવું ખૂબ મનોમંથન માગી લેતું કાર્ય હોય છે. મા સરસ્વતીની અસીમ કૃપા જેના પર વરસે તેના દ્વારા જ કલમ આવું નવું સર્જન કરી શકતી હોય છે.

આ કાવ્ય સંગ્રહમાં પણ આપને એક એકથી ચડિયાતી અને ઉમદા રચનાઓનું રસપાન કરવા મળશે. એક વાંચશો અને એક ભૂલી જશો તથા વારંવાર તેનું પઠન કરી તેને સમજવા માટે પણ પ્રયત્ન કરવાનું મન થશે.

અમદાવાદ જેવા મોટા શહેરમાં અને ઘોંઘાટિયા વાતાવરણની વચ્ચે રહીને પણ બીનાબેન પ્રાકૃતિક સૌંદર્ય, મનોરમ્ય દ્રશ્યો અને એક નાના માણસનાં હૃદયની વ્યથાઓને સમજીને પણ ખૂબ સરસ કાવ્યો બનાવી શકે છે. તે તેમની આગવી ઓળખ છે. દરેક વસ્તુમાં

શબ્દ પ્રાણ પૂરવા અને તેને મઠારીને એનું તાદ્રશ્ય ચિત્ર રજૂ કરવું એ કવિ લેખકોની એક આગવી ઓળખ હોય છે. "વૈદેહીની વાણીમાં" પણ આપને એ તમામ બાબતોને જોવા મળશે અને એક કવયિત્રીનું હૃદય કેટલું સુકોમળ અને ભાવનાઓથી તરબતર થયેલું હોય છે ! જે કલમની આગવી ઓળખથી આપની સામે વાંચવા મળશે. આશા છે તમામ વાચક મિત્રોને "વૈદેહીની વાણી" ખૂબ જ પસંદ આવશે. આ કવિતાઓ દરેક પ્રકારના ભાવોને આવરી લઈને વિવિધ પ્રકારનાં વાતાવરણ, વિવિધ શબ્દો અને તેના લય માધુર્ય સાથે વણી લેવામાં આવ્યાં છે. એક સાથે આટલી બધી રચનાઓ, એટલા બધા કાવ્યોનો રસાસ્વાદ માણવાનું ચૂકશો નહીં અને અવશ્ય વાંચીને "વૈદેહીની વાણીને" વખાણશો. એનો મને પૂર્ણ વિશ્વાસ છે.

બીનાબેન પીઠડીયાની કલમે સાહિત્ય જગતની અંદર એક આગવું નામ કર્યું છે. બીના બહેનને ખૂબ ખૂબ શુભેચ્છા ! તેઓ આ જ રીતે હજુ પણ વધુ રસમય રચનાઓનો રસસ્વાદ આપણને અવારનવાર કરાવતા રહેશે એજ આશા અપેક્ષા સાથે અભ્યર્થના.

**- કિરણબેન બી. શર્મા, "પ્રકાશ"**

# 'વૈદેહીની વાણી'ને વધાવીએ !

ગુર્જર ભૂમિની તાસીર અનોખી છે. આ ધરામાં શૂરવીર, દાનવીર ધર્મવીર, સંતો, લેખકો, કવિઓ વગેરે સમયે સમયે પેદા થયા છે. કહેવાય છે કે, આફત આવે ત્યારે રડવાને બદલે તેની સામે દ્રઢ નિર્ધારથી લડીએ અને પડકારને પીડા નહીં પણ પ્રભુનો પ્રસાદ ગણી વધાવીએ તો આફત અવસરમાં બદલે જ.

આજે મારે એવી કવયિત્રીની વાત કરવી છે જે કોરોના મહામારીના સમયમાં પોતાના હૃદયમાં રહેલાં સ્પંદનોને વહાવવામાં સફળ રહ્યાં છે તેમણે આફતને અવસરમાં બદલી છે.

કવયિત્રી બીનાબેન પીઠડીયાને રૂબરૂ મળી શકી નથી પણ ટેલીફોનિક સંવાદ દ્વારા તેમની સાહિત્ય પ્રીતિને પિછાણી છે. તેઓ વાંચન અને લેખનનો શોખ ધરાવે છે. કહેવાય છે કે, જેમનું વાંચન બહોળું તેમનું સર્જન ઉત્તમ.

એક કુશળ ગૃહિણી એવાં બીનાબેન ઋજુ હૃદય ધરાવે છે. તેમનાં કોમળ હૃદયમાંથી સંવેદના અવિરત વહેતી રહે છે. અમદાવાદ નિવાસી બીનાબેન પીઠડીયાએ માનવતા, શ્રદ્ધા, ઈશ્વર, સૃષ્ટિ, જિંદગી, સ્ત્રી, કરુણા, સત્ય, સ્નેહ, વિસ્મય, વહાલ, પ્રકૃતિ, અનુભૂતિ, ઊર્મિ, કલ્પના, પરિસ્થિતિ, સ્વપ્ન, સંબંધ, ધર્મ, વ્યથા અને વેદનાની છબીઓને પોતાના સર્જન 'વૈદેહીની વાણી'માં ઢાળ્યા છે. સ્વાનુભવ પરથી અછાંદસ કાવ્યો લખ્યા છે.

કવયિત્રી બીનાબેન પીઠડીયા 'વૈદેહી'ની કલમ જીવનનાં અનુભવનો નીચોડ લઈને એકધારી વહી રહી છે. પ્રેમની સાથે લાચારી, ખુમારી, સમર્પણ, બેવફાઈ તો ક્યાંક અગોચર ભાવ વિશ્વ આલેખન થયું છે. તેમની રચનાઓ સરળ ભાષાના કારણે વાચકને ગહન સુધી ચોક્કસ દોરી જશે.

'વૈદેહીની વાણી'માં સ્થાન પામેલી રચનાઓ બીનાબેન પીઠડીયાના પરિચયમાં વધારો કરશે જ, એવી મને પૂર્ણ શ્રદ્ધા છે. તેમની કલમ અટક્યાં વગર અવિરત વહેતી રહે. સાહિત્ય જગતને તેનું અમૃતપાન મળતું રહે તેવી શુભકામનાઓ. 'વૈદેહીની વાણી'ની મૌલિક રચનાઓને હૈયાનાં હરખથી વધાવતાં હૃદય પુલકિત થાય છે.

**- જીવતી પીપલીયા 'શ્રી'**

બાળ સાહિત્યકાર, ગઝલકાર
લક્ષ્મી નારાયણ સોસાયટી,
શેરી નં. ૧૭
ટંકારા, મોરબી ૩૬૩૬૫૦
મો. નં. ૯૮૭૯૭૬૫૬૫૧

## પ્રસ્તવન

નાનપણથી વાંચનનો ખૂબ શોખ હતો. ફૂલછાબમાં આવતી બાળવાર્તાઓ વાંચતી. સમાચાર પત્ર તો હું સમજણી થઈ ત્યારથી વાંચતી. એ સમયે પોસ્ટકાર્ડ લખતાં; ત્યારે વાર તહેવારે હું બધાંને પોસ્ટકાર્ડ લખતી. ૨૦૨૦માં મારી એક સખીને સુવિચાર લખીને મોકલ્યો તો તેને કહ્યું ''તું લેખ લખીને મોકલ હું છાપામાં છપાવી આપીશ.'' બસ ત્યારથી મારી લેખન યાત્રાની શરૂઆત થઈ. પહેલવહેલું બોમ્બેનાં ગુર્જર ભૂમિ અખબારમાં મારો કોરોના વિશેનો લેખ આવ્યો હતો, જે મારી સખી વૈશાલી ઠક્કરે છપાવી આપ્યો હતો.

''વૈદેહી'' શબ્દનો પર્યાય શબ્દ સીતા છે. જેમ સીતા માતાએ અનેક કષ્ટો અને સંઘર્ષો પાર કરીને જીવન નિર્વાહ કર્યું હતું, એમ સ્ત્રીનું જીવન સંઘર્ષ અને સમજૂતી ભરેલું હોય છે. દરેક વખતે સ્ત્રી પોતાના મન સાથે સમાધાન કરીને રહેતી હોય છે. મારું ઉપનામ 'વૈદેહી' રાખવાનું કારણ એ છે કે મેં સંઘર્ષ અને સહનશીલતાભર્યું જીવન પસાર કર્યું છે. આજે ''વૈદેહી''થી મારી ઓળખ ઊભી કરી છે. મારા ''વૈદેહીની વાણી'' પુસ્તકમાં મારા જ મનની ભાવનાઓ રજૂ કરી છે. મારા પિતા સિલાઈ કામ કરતા અને સાદું જીવન જીવતા હતા. મારા માટે મારા પિતા આદર્શ અને પ્રેરણાની મૂર્તિ છે. મારા પિતાનો મને કંઈક બનાવવાનો શોખ હતો. આજે મારા પિતા નથી પરંતુ એ જ્યાં હોય ત્યાંથી મારી પ્રસિદ્ધિ જોઈને હરખાતા હશે ! મારી માતા શિક્ષિકા અને આદર્શ માતા છે. મારા સાસુ-સસરા મજબૂત મનોબળવાળા છે ને એમની પ્રેરણાથી હું મજબૂત બની શકી છું. કોઈપણ ક્ષેત્રે આગળ વધીને એક સારું મુકામ મેળવવાની પ્રેરણા મને મારા સાસુ-સસરાથી મળી છે. મારા પતિ જે મને ખૂબ જ પ્રેમ કરે છે અને આગળ વધવા માટે મદદ કરે છે. મારો પુત્ર અને પુત્રવધૂ મને ટેકનિકલ ક્ષેત્રે મદદ કરે છે. તે બંને મારા હાથનાં હથિયારો જે શિખર સર કરવા માટે ખૂબ જ ઉપયોગી છે. મારો ભાઈ મારા માટે દર્પણ છે, જે સાચું બોલવામાં ખચકાતો

નથી. મારા પ્રેમાળ અને વહાલાં મિત્રો જે હરપળ મને સહાનુભૂતિ ને સખાવતથી રોજ નવી કૃતિ કંડારવા માટે મને સજ્જ કરે છે. ગુજરાતી સાથે સાથે હિન્દીમાં કાવ્યરચના લખીને મેં આંતરરાષ્ટ્રીય સ્તરે મોકલી છે. હિન્દીમાં રચના લખવાની કોશિશ કર્યા કરું છું. મારી દરેક કૃતિઓને વાંચકો દ્વારા મને ખૂબ જ પ્રશંસા મળે છે, જેનાં થકી હું પ્રોત્સાહન પામું છું. હજુ આગળ વધવા માટે દરેક ક્ષણે તત્પર છું. આગળ વધી ઘણા શિખરો સર કરવાના છે. બસ, આવી રીતે મારાં પ્રયત્નોને પ્રોત્સાહિત કરતાં રહેજો, જેના માટે દરેકનો હું હૃદયથી આભાર વ્યક્ત કરું છું.

હાલ શબ્દ વાવેતર એક પરિવાર, સાહિત્ય જગત, રાબતા, શબ્દ શણગાર એમ છ-સાત ગ્રુપમા લખું છું. મારી કૃતિ અત્યારે ઘણાં મેગેઝીન અને છાપામાં છપાય છે.

હું આભાર યાચું છું જેને મને આગળ વધવામાં મદદ કરી. પહેલાં તો મારો ઘર પરિવાર જે મને અનેક રૂપે મદદ રૂપ થાય છે. સૌપ્રથમ દક્ષાબેનનો આભાર માનીશ જેનાં થકી શબ્દ વાવેતર જેવો પરિવાર મળ્યો. કિરણબેન મારાં ગુરુ માતા, પીનાકીનભાઈ માર્ગદર્શક અને સારાં મિત્ર જાગૃતિબેન અને જીવનીબેન, પ્રોત્સાહક રમેશભાઈ ભટ્ટ પિતા સમાન ગુરુ, હાર્દિકભાઈ મહાદેવ સાચાં માર્ગદર્શક મારા ભાઈ, પૂર્વીબેન, વંદનાબેન, દીપા રાજપરા મારી પ્રિય સખીઓ હરપળ શીખવવા હાજર, ભાઈ જેવા સંજયભાઈ સીયાદ કાયમી બેન માટે હાજર રહે... આ બધાંનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. બધાંને શત શત નમન....

**- બીના પીઠડીયા "વૈદેહી"**

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. પીઠડમાનો ગરબો | ૧૩ |
| ૨. ચાલોને ગરબે ઘૂમવા રે | ૧૪ |
| ૩. પપ્પાની યાદ | ૧૫ |
| ૪. મારા પપ્પા જેવું કોઈ નહીં | ૧૮ |
| ૫. આબેહૂબ વર્ણન | ૨૦ |
| ૬. લખું.... | ૨૧ |
| ૭. ધરતીની રુવાંટી | ૨૨ |
| ૮. વરસાદ ને વ્યાકુળતા | ૨૩ |
| ૯. શાંત ઝરૂખે | ૨૪ |
| ૧૦. ભક્તને ભગવાન મળે | ૨૫ |
| ૧૧. રણછોડરાયની રથયાત્રા | ૨૬ |
| ૧૨. રહેવા દે | ૨૭ |
| ૧૩. વંસત આવી | ૨૮ |
| ૧૪. સંબંધોમાં સ્વીકૃતિ | ૨૯ |
| ૧૫. મનડો ગતકડાં કર્યા કરે! | ૩૦ |
| ૧૬. આભાસી પ્રયાસો | ૩૧ |
| ૧૭. ઘણું નકામું | ૩૨ |
| ૧૮. જગત તાતની ઈચ્છા | ૩૩ |
| ૧૯. મારા પ્રીતમની વાટે | ૩૪ |
| ૨૦. ગમતીલું | ૩૫ |
| ૨૧. કાના સંગ રમું ધુળેટી | ૩૬ |
| ૨૨. અમે તો ભૈ બબાલિયા! | ૩૭ |
| ૨૩. થઈ ગઈ! | ૩૮ |
| ૨૪. વિહંગની જોડી | ૩૯ |

| | |
|---|---|
| ૨૫. મઝધારમાં અટવાઈ | ૪૦ |
| ૨૬. થોડો ઘણો તો ફરક મળશે! | ૪૧ |
| ૨૭. મારે તારી સાથે વાત કરવી છે | ૪૨ |
| ૨૮. વ્યથા | ૪૩ |
| ૨૯. વાર નહીં લાગે | ૪૪ |
| ૩૦. હું કંઈ કહીશ તો તને નહીં ગમે! | ૪૫ |
| ૩૧. સાંજને રોમેન્ટિક બનાવીએ | ૪૬ |
| ૩૨. મારી વહાલીને વહાલ છે | ૪૭ |
| ૩૩. મોબાઈલના બંધાણ | ૪૮ |
| ૩૪. દીકરા હું એક મા છું | ૪૯ |
| ૩૫. કોઈ સ્પર્શી જાય છે | ૫૦ |
| ૩૬. જય પીઠડ મા | ૫૧ |
| ૩૭. ભૂલ્યો તું પ્રીતનાં વચનો | ૫૨ |
| ૩૮. પોતાનાં માટે જીવવું છે | ૫૩ |
| ૩૯. તું આવજે | ૫૪ |
| ૪૦. શણગાર | ૫૫ |
| ૪૧. અછાંદસ | ૫૬ |
| ૪૨. ગોઝારી હોનારત | ૫૭ |
| ૪૩. મારી પૌત્રી | ૫૮ |
| ૪૪. સરનામું હાથ લાગ્યું છે | ૬૦ |
| ૪૫. હૃદયનાં ભાવ | ૬૧ |
| ૪૬. કાના માટે કૈંક કરી જોઉં | ૬૨ |
| ૪૭. નયનોની પ્રીત | ૬૩ |
| ૪૮. તું એટલે | ૬૪ |
| ૪૯. ક્યાં સુધી? | ૬૫ |
| ૫૦. નેણોની નજાકત | ૬૬ |

| | |
|---|---|
| ૫૧. અંતરનાં ભાવ | ૫૭ |
| ૫૨. દીકરી મારી અનોખી | ૬૮ |
| ૫૩. સાચી કિંમત | ૬૯ |
| ૫૪. ઓ શ્યામ મને લાગ્યો આ કેવો તે રંગ | ૭૦ |
| ૫૫. મારી દીકરી મોટી થઈ ગઈ! | ૭૨ |
| ૫૬. જે હું તમને કહું | ૭૩ |
| ૫૭. મારો દેશ | ૭૪ |
| ૫૮. પ્યારું મુખડું | ૭૫ |
| ૫૯. પ્રેમનો પરિચય | ૭૬ |
| ૬૦. શ્રી રામ એકવાર ધરતી પર તમે આવો | ૭૭ |
| ૬૧. મીરાં હરિ ચરણે જાગી છે | ૭૯ |
| ૬૨. શું થશે? | ૮૦ |
| ૬૩. તુજ સંગાથે | ૮૧ |
| ૬૪. હું સ્ત્રી છું | ૮૨ |
| ૬૫. મારે રહેવું છે મૌન | ૮૩ |
| ૬૬. બીજું ક્યાં ગમે છે! | ૮૪ |
| ૬૭. એ સત્ય મને હવે સમજાય છે | ૮૫ |
| ૬૮. પ્રેમાળ સ્મિત | ૮૬ |
| ૬૯. પ્રિય સખી | ૮૭ |
| ૭૦. મારા વશમાં | ૮૮ |
| ૭૧. સમય આવ્યો વિવાહનો | ૮૯ |
| ૭૨. શિવજી પાર્વતીજીના વિવાહ | ૯૦ |
| ૭૩. પ્રેમમાં દગો | ૯૧ |
| ૭૪. મને આવડ્યું નહીં | ૯૨ |
| ૭૫. કાયમ મારી ભાળ રાખજે | ૯૩ |
| ૭૬. બસ, અમને તો રોજ ચાલવા જોઈએ | ૯૪ |

| | |
|---|---|
| ૭૭. આ મૂંઝવણ છે! | ૯૫ |
| ૭૮. તારા માટે કવિતા લખું | ૯૬ |
| ૭૯. મારે મિલકત જાહેર કરવી છે | ૯૭ |
| ૮૦. મારું ગામડું | ૯૮ |
| ૮૧. તને મળીને | ૯૯ |
| ૮૨. સર્જનહાર તું છે તો હું છું! | ૧૦૦ |
| ૮૩. ચાલને સમયને પારે જઈએ | ૧૦૧ |
| ૮૪. ભટકેલું મન | ૧૦૩ |
| ૮૫. પ્રેમમાં | ૧૦૪ |
| ૮૬. સારાં મુરતિયાની શોધમાં | ૧૦૫ |
| ૮૭. નાનપણમાં ડોકિયું | ૧૦૬ |
| ૮૮. અવનવા રંગોથી રંગાયેલી તું | ૧૦૮ |
| ૮૯. પૂજ્ય મોરારી બાપુને સમર્પિત | ૧૦૯ |
| ૯૦. ગાડરિયો પ્રવાહ | ૧૧૦ |
| ૯૧. અધૂરો પ્રેમ | ૧૧૨ |
| ૯૨. પતંગોત્સવ | ૧૧૩ |
| ૯૩. મારી કવિતા | ૧૧૫ |
| ૯૪. તો ગમે! | ૧૧૬ |
| ૯૫. એક લીલું પાન | ૧૧૭ |
| ૯૬. શબ્દોની ગૂંચવણ | ૧૧૮ |
| ૯૭. એવી હું નથી | ૧૧૯ |
| ૯૮. એપ્રિલનું ફૂલ | ૧૨૦ |
| ૯૯. મનમંદિરમાં વસેલા | ૧૨૧ |
| ૧૦૦. પૈસાની ઉધારી | ૧૨૨ |

# ૧. પીઠડમાનો ગરબો

મન મંદિરમાં આવી મારી કુળદેવી માવડી રે,
સ્વરૂપ તારું રૂપ જોઈને એવી તો હરખાણી રે,
મારી માવડી રે.....
સોયાબાટીને ઘેર જનમ્યા છ બહેનો સંગાથે રે,
પાડા પર સવારી કરી પધારે અમ આંગળીએ રે,
મારી માવડી રે......
પૂજે પીઠડ માતાને પીઠડીયા કુળ પરિવાર રે,
સર્વેની સહાયે સર્વદા રહે મારી પીઠડ માતા રે,
મારી માવડી રે......
નિજ મંદિર તારા દ્વારે આવીને પાવન કરતાં જીવન રે,
જગત જનની દયાળુ ને દાતાર પીઠડ માતા રે,
મારી માવડી રે.......
સર્વેની વિનંતી સાંભળીને હર સંકટ દૂર કરતી રે,
વિઘ્નમા તું પાર ઉતારતી પરચા તારા સાક્ષાતકાર રે,
મારી માવડી રે.......
બાળ વયની ઉંમરે પરચા કરતી માતા રે,
સોના રૂપાની છડી પર છપ્પન ધજા ગજ શોભે રે,
મારી માવડી રે......
મનસા પૂર્ણ કરવા હરપળ હાજર રહેતી રે,
વૈદેહીના વંદન સ્વીકારે મારી પીઠડ માતા રે,
મારી માવડી રે, અમ માવડી રે, પીઠડ માવડી રે, મારી માવડી રે.
મારી માવડી રે......

## ૨. ચાલોને ગરબે ઘૂમવા રે

આદ્યશક્તિની આરાધના કરવાને, ચાલોને ગરબે ઘૂમવા રે,
આવી આવી નોરતાની રાત સહિયર મોરી..!

નવદુર્ગા, જોગણી, આરાસુરીને પૂજવા, ચાલોને ગરબે ઘૂમવા રે,
આવી આવી નોરતાની રાત સહિયર મોરી..!

લાલચટ્ટક ચૂંદડીને મોતીએ સજાવીને, ચાલોને ગરબે ઘૂમવા રે,
આવી આવી નોરતાની રાત સહિયર મોરી...!

ઢોલ નગારાને શરણાઈ વાગીને, ચાલોને ગરબે ઘૂમવા રે,
આવી આવી નોરતાની રાત સહિયર મોરી...!

મા શક્તિને નૈવેદ્ય અર્પણ કરવાને, ચાલોને ગરબે ઘૂમવા રે,
આવી આવી નોરતાની રાત સહિયર મોરી...!

રાસની રમઝટ બોલાવીએ સહિયારો, ચાલોને ગરબે ઘૂમવા રે,
આવી આવી નોરતાની રાત સહિયર મોરી...!

## ૩. પપ્પાની યાદ

આજે
અનંત આકાશની
અટારીએથી એકીટસે
હું અને મારી આંખો ઝંખતી રહી ..!

પપ્પા !
તમે પાછાં આવોને...
મારે કશુંક કહેવું છે,
તમારી સાથે નિરાંતે વાતો કરવી છે,
હા ! હું, હું એજ,
તમારી વહાલી દીકરી બીના,
પ્લીઝ પપ્પા !
તમે એકવાર પાછાં આવોને...!

પપ્પા !
તમે પાછાં આવોને....
મારે તમારી સાથે
ખુરશીના ડાબા હાથા પર
બેસીને છાતી સરસું ભીડાવું છે...
'બેટા !
મારી વહાલી દીકરી બીના...!'
મારે એ અવાજ
ફરી તાજો કરવો છે...

ફરી એકવાર સાભંળવો છે,
જે સાંભળી,
હું તમારી સામે જોતી
ને તમે મારી સામે જોતાં
પછી હું મલકાતી ને
તમે મને છાતી સરસી ચાંપી દેતા...
વહાલ વરસાવતાં...
ક્યારેક તો
મારા કપાળે પપ્પી પણ કરતાં...
આજે પણ મારા ગાલ
તમારી પ્રેમાળ હથેળીઓની પ્રતિક્ષા કરે છે...
મને યાદ છે
એ કિરણોત્સર્ગી કિરણો
જે હૈયામાં ઉતરી
ભીતરની ભૂખ ભાંગતા'તાં...
પપ્પા !
આજે મારે બસ !
તમારા આશિષ જોઈએ છે...
તમારો હાથ
મારા માથા પર પાછો ફરી વળે...
પ્લીઝ પપ્પા !
તમે એકવાર પાછાં આવોને...!
પપ્પા !
તમે પાછા આવોને,
હું આજે પણ

એજ રીતે ઓટલાની ધારે,
પગથિયાં પર
બેસીને આતુરતાપૂર્વક વાટ જોઉં છું,
હમણાં તમારી સાયકલ આવશે
બજારથી મારી માટે બકાલું લાવશે,
પ્લીઝ પપ્પા !
તમે એકવાર પાછા આવોને...!

પપ્પા !
તમે પાછા આવોને,
સેલ્ફીના સમયમાં મારી
તમારી સાથે એક પણ સેલ્ફી નથી,
જેમાં હું આગળ હોઉં,
'ને તમે મારી
બિલકુલ પાછાળ અડીખમ ઊભા હો...
તો માત્ર એક જ !
મારે આવી સેલ્ફી લેવી
પછી પોલાદી લોખંડે મઢાવવી છે..
પ્લીઝ પપ્પા !
તમે એકવાર પાછા આવોને ..!
મારું ચાલે તો બસ !
આ આકાશે મસમોટું કાણું કરી દઉં..!

પપ્પા પ્લીઝ !
મને મળવા
તમે એકવાર પાછાં આવોને...!

# ૪. મારા પપ્પા જેવું કોઈ નહીં

પપ્પા તમારા વગર જીવવું અઘરું છે,
જયાં સુધી જિંદગી છે ત્યાં સુધી જીવવું જરૂરી છે,
પપ્પા મારા વહાલા, મારા પપ્પા જેવું કોઈ નહીં.

બીમાર હોય ત્યારે માથે ઊભા રહી દવા પીવડાવે,
માથા પર પ્રેમ ભર્યો હાથ ફેરવે,
પપ્પા મારા વહાલા, મારા પપ્પા જેવું કોઈ નહીં.

પરીક્ષા વખતે સવારે વહેલાં વાંચવાં ઉઠાડે,
પછી બૂમ પાડી પૂછે "તું વાંચે છે કે નહીં",
પપ્પા મારા વહાલા, મારા પપ્પા જેવું કોઈ નહીં.

સ્કૂલેથી વેહલા મોડાં આવીએ તો શેરીના નાકે,
દસવાર જઈને જોઈને આવતા,
પપ્પા મારા વહાલા, મારા પપ્પા જેવું કોઈ નહીં.

મમ્મી ગુસ્સે થાય તો પપ્પા ઉપરાણું લેતાં,
"મારી દીકરીને તારે કંઈ ના કહેવું",
પપ્પા મારા વહાલા, મારા પપ્પા જેવું કોઈ નહીં.

જન્મદિવસની વધામણી આપતાં આવડતું નહીં,

છતાં સરસ આશીર્વાદ સાથે વધામણી આપતાં,
પપ્પા મારા વહાલા, મારા પપ્પા જેવું કોઈ નહીં.

જન્મદિવસ પર સૌથી પહેલો ફોન પપ્પાનો આવે,
કોઈ વાર તહેવાર હોય તો પહેલો ફોન પપ્પાનો આવે,
પપ્પા મારા વહાલા, મારા પપ્પા જેવું કોઈ નહીં.

બધા ભાઈ બેન લાડકવાયા જ હતાં,
હું વધારે લાડકવાઈ પપ્પાની પ્યારી,
પપ્પા મારા વહાલા, મારા પપ્પા જેવું કોઈ નહીં.

લગ્ન પછી મારા દીકરા સાથે વેકેશનમાં જાઉં તો,
જાત જાતના નાસ્તા ને હરવ - ફરવાનું વિચારી રાખતાં,
પપ્પા મારા વહાલા, મારા પપ્પા જેવું કોઈ નહીં.

લગ્ન પછી સાસરે હોવા છતાં પણ મારું ધ્યાન રાખતાં,
તું દૂરથી આવે છે એની ચિંતા કાયમ કરતાં,
પપ્પા મારા વહાલા, મારા પપ્પા જેવું કોઈ નહીં.

આખી દુનિયામાં સૌથી સારાં મારા પપ્પા,
મારી આખી દુનિયા જ મારા પપ્પા હતાં,
પપ્પા મારા વહાલા, મારા પપ્પા જેવું કોઈ નહીં.

## ૫. આબેહૂબ વર્ણન

તું મહેસૂસ કરીશ તો હું દૂર નહીં આસપાસ છું,
તારા શ્વાસમાં પોરવાયેલા દરેક ધબકારમાં છું.

તારા ખુશનુમા ચહેરાનાં વહાલા સ્મિતમાં છું,
તારા લોહીમાં ભળેલા રક્તકણ ને રુધિરમાં છું.

તારા કલમથી લખાયેલા હર એક શબ્દમાં છું,
તારા છંદોબદ્ધ વર્ણવાયેલી ગઝલમાં છું.

તારા મનના અનેરા સપનામાં ગૂંથાયેલી છું,
તારા "બંધન" વગર રાખેલાં સગપણમાં છું.

તારી ના ભૂલાય એવા દિલનાં બંધ પટારામાં છું,
તારા આસપાસ શોધીશ તો તારી આબેહૂબ છું.

## ૬. લખું....

સ્મરણ થાય રોજ પ્રભાતે આંખ ખુલતાંની સાથે,
મિલન થાય આંખોનું ચાલને એવી પ્રભાતો વિશે લખું!

સમયની પરવા કર્યા વગર વિતાવી હતી વાતોમાં રાતો,
લાવને આપણી મીઠી મધુર એવી વાતો વિશે લખું!

સમાજથી છુપાયેલો આપણો પ્રેમાળ સ્નેહ સંગ,
મળતાં રહ્યાં "હું ને તું" એવી મુલાકાતો વિશે લખું!

નિર્દોષ ઊર્મિઓ તુજમાં કાયમ રહે ઓતપ્રોત,
ભળીને તૃષા તૃપ્ત થાય એવી ચાહતો વિશે લખું!

"બંદગી" કરું તવ સુખાકારીની ઈશ સમક્ષ રોજ,
જીવનમાં થયેલા દુઃખના એવાં કપાતો વિશે લખું!

# ૭. ધરતીની રુવાંટી

કાળાં ડિંબાગ ઘેરાતાં ઘનઘોર વાદળો,
વરસતી હેલીથી મહેકે ધરતીની રુવાંટી.

વાસંતી મૌસમમાં ફોરમ ખીલે ઉપવને,
બાગો ફૂલોથી બહેકે ધરતીની રુવાંટી.

ફળદ્રુપ ધરામાં લહેરાતા મોલ ચારેકોર,
લીલા મોલથી લહેકે ધરતીની રુવાંટી.

ગણતંત્ર દિન પર તિરંગાને સૌ સલામ,
આઝાદ હિંદથી ચહેકે ધરતીની રુવાંટી.

દેશ હિતે જાન ન્યોછાવર માતૃભૂમિ પર,
નિજના હરખથી ટહેકે ધરતીની રુવાંટી.

## ૮. વરસાદ ને વ્યાકુળતા

ઠંડો વાયરો ઉડાવે લટો કેશની,
વંટોળિયો ચડ્યો છે કેવો વાયુનો,
કાળાં કાળાં વાદળો છવાયા,
ધરા પર સઘળે ઉકળાટ જોઈ,
આભ પણ ચોમેર વરસી પડ્યું,
મયૂર પાંખો ફેલાવી નાચતો,
મન મયૂર બની નાચે આજે,
થનગનાટ છે કોઈના પ્રેમાળ સંગાથનો,
દિલ પણ જુવાન થયું કેવું પાગલ !
ભાન ભૂલ્યું મેઘ વરસતો જોઈ,
કેમ કરીને સમજાવું વ્યાકુળ મનને !
ચંચળ મન ખોવાયું પિયુ મિલનમાં.

## ૯. શાંત ઝરૂખે

યૌવનની આભામાં મન ડોલતું શાંત ઝરૂખે,
ઉરમાં ઊર્મિઓ થઈ તરબતર શાંત ઝરૂખે.

બે નજરો મળીને તલ્લીન થઈ એકમેકમાં,
પ્રેમાળ નજરોથી મદહોશ થઈ શાંત ઝરૂખે.

ઠુઠવાતી ઠંડીમાં હૂંફનો હૂંફાળો અદકેરો સ્પર્શ,
શીતની લહેરમાં થોડું શરમાતી શાંત ઝરૂખે.

અંતરના વિશ્વાસ, પિયુ મિલનની મનમાં આશ,
અગમ્ય પળો જીરવી હૈયું તૃપ્ત શાંત ઝરૂખે.

મનમીતના વચનો માથાની સેંથીએ સંવારતી,
પ્રીત પાલવડે બાંધતી "વૈદેહી" શાંત ઝરૂખે.

## ૧૦. ભક્તને ભગવાન મળે

કોઈક તો એવો અવસર મળે,
ભક્તને ભગવાનનો સથવારો મળે.

રાત દિવસ વગર બસ સમયાંતરે મળે,
હાથમાં તારો હાથ મળે.

તારાં હૃદયમાં સ્થાન મળે,
સમયનાં બંધન વિના મુલાકાતે મળે.

કટુ હાસ્ય નહીં પ્રેમાળ સ્મિત મળે,
ભટકેલા દિશાઓને તારી રાહ મળે.

શોધું તને તરબતરને તારું મંદિર મળે,
શ્રીકૃષ્ણને પામવા એની જ ભક્તિ મળે.

આ માયાજાળમાંથી મુક્તિ મળે,
મટીને હું અને તું એકમેકમાં મળે.

સ્તબ્ધ બનીને નિહાળું જો તું મને મળે,
અકલ્પનીય હોય એ અવસર
ભગવાન ને ભક્તનો એકાકાર મળે.

## ૧૧. રણછોડરાયની રથયાત્રા

નીરખી નીરખી નેણાં ભરી મોહન તુજને,
 બની હરખે હેલી....

મનમોહક તારી છબિ જોઈ
જાઉં વારી વારી તુજને,
 બની જાઉં ઘેલી....

નાથોના નાથને નગર ચર્યાએ જોઈ,
 બની જાઉં પહેલી....

થનગનાટ હોય મારાં હૈયે આજે,
 નાથ આવે મુજ ડેલી....

આનંદ આનંદ વ્યાપે સઘળે જગ
 જય જયકારની હેલી....

ભાઈ બલભદ્ર સંગે સુભદ્રા બહેન,
 રથ ફરે ગલી એ ગલી....

## ૧૨. રહેવા દે

નયનો મળ્યાં ને પાંપણો ઝૂકી,
નયનોના પ્રેમને નયનોમાં રહેવા દે.

નિશદિન રહેતી આમ ઝંખના તારી,
દેખી નેણો તૃપ્તને તૃપ્ત જ રહેવા દે.

મળીને ઉજવીએ આપણે "પ્રેમ પર્વ",
સોગાત આ પ્રેમની પ્રેમમાં જ રહેવા દે.

ભેદ ખુલે ને જગજાહેર થાય,
અંતર સમીપને અંતરમાં રહેવા દે.

જીવનસંગીની નથી છતાં ખપતો સંગાથ,
સદૈવ હૃદયથી નજીકને નજીક રહેવા દે.

ઈશ સમક્ષ માગું તારી સુખ શાંતિનું,
ભાવ નિર્દોષને નિર્દોષ જ રહેવા દે.

શું કહેશે લોકો જાણીને અળગાં રહીએ,
મિથ્યા અપવાદને અપવાદ રહેવા દે.

## ૧૩. વંસત આવી

પાનખરને વધાવવા ઋતુ રાણી વસંત આવી,
અબોલ દિલમાં ભરવા આનંદ રાણી વસંત આવી.

વણજોયા મુહૂર્તે લેવા લગ્ન કેરાં અવસર,
વરકન્યાનાં કરવાં હસ્ત મેળાપ રાણી વસંત આવી.

થનગનાટ હૈયે તરબોળ પશુ-પંખીઓ, માનવી, સૌ,
સૃષ્ટિ સાથે મેળવવાં તાલમેલ રાણી વસંત આવી.

મૌસમની વણજાર ને સમય આવ્યો કૂંપળો ફૂટવાનો,
આંબા કેરાં ખીલવવાં નવા મોર રાણી વસંત આવી.

પ્રેમનો મહિનો છે પણ મહિનાનો એ પ્રેમ નથી,
જગતભરને શીખવવા કાયમ પ્રેમ રાણી વસંત આવી.

# ૧૪. સંબંધોમાં સ્વીકૃતિ

સંવાદ વગરનાં સંબંધ કોઈ કાચા ના હોય,
સાચા મને સાંભળીએ તો આંખોને પણ વાચા હોય.

સંબંધોનો પણ શાંત રણકો ચારેકોર હોય,
કાનમાં ગૂંજે અતિ પ્રેમાળ એ મહામૂલો સાથી હોય.

ઉચાટ, ઉભરાટમાં જયારે દિલ બેચેન હોય,
વ્યાકુળ થયેલાં દિલને તારો સાચો સધિયારો હોય.

દરેકનાં જીવનનાં આડંબરો જુદાં-જુદાં હોય,
ખૂબી સાથે ખામીની પણ હૃદયથી સ્વીકૃતિ હોય.

ખીલી ગઈ આખી પ્રકૃતિ જાણે અલ્લડ હોય,
વર્ષોથી જાણે મળવા આવવાનાં કોઈનાં એંધાણ હોય.

## ૧૫. મનડો ગતકડાં કર્યા કરે!

આંખોને આદત છે તને જૂએ નહીં તો ફરિયાદ કર્યા કરે,
નીજાનંદમા આનંદ લઈને હંમેશાં તને જ યાદ કર્યા કરે!

આંખો અને દૃશ્યોની સરસ? મજાની આ જુગલ જોડી,
નયનરમ્ય દૃશ્યો જોઈને એ તો નવસર્જન કર્યા કરે!

ચંચળ મનડો ભીતરની અટારીએથી ના દેખી તને,
આમતેમ ભમીને એ તારાં ચહેરાને જ શોધ્યા કરે!

તિમિર અને અજવાસ વચ્ચેની સોનેરી પળોના દ્રશ્યો,
ક્ષણભરમાં અલોપ થઈને પૂર્ણ અજવાસ કર્યા કરે!

તકલીફો અને ફરિયાદમાં ગઈ કાલમાં મહાલવાને બદલે,
રોજ નવી અભિલાષા જન્માવી મનડો ઉત્સવ કર્યા કરે!

# ૧૬. આભાસી પ્રયાસો

આભાસી પ્રયાસો હોય તુજ આવવાનાં,
છતાં તું આવીશ એવાં સપનાં ગૂંથતી.

રવેશમાં ઊભી ઊભી રસ્તે રાહ નિહાળતી,
"હરખઘેલી" બની તુજને જોવાને તાકતી.

મનભાવનને જોઈ મુખ પર અનેરું સ્મિત,
સાંકળી શેરીએથી તુજને આવતા ભાળતી.

લાગણી તો તું મુજથી ભારોભાર રાખતો,
લાગણીનાં આવેશમાં આવી તુજમાં ડૂબતી.

કાગળ પર હું પોતાની ભાવનાઓ ઉતારતી,
કલમના સથવારે શબ્દોથી હું કવિતાઓ રચતી.

# ૧૭. ઘણું નકામું

અબુધપણાથી હરપળ આજ્ઞાની મન ભટકતું,
પણ જ્ઞાન વગરનું વિજ્ઞાન નકામું.

ચંચળ મન બેબાકળું થઈને ભટકતું,
પણ કાબૂ વગરનું મન નકામું.

ભોમિયો થઈને માનવ અજાણી રાહે ભટકતો,
પણ લક્ષ્ય વગરની ડગર નકામી.

પથ્થરમાં દેવતા શોધવા જીવ ભટકતો,
પણ વિશ્વાસ વગરની એ મૂરત નકામી.

ઢોંગ ધતીંગોવાળા અમુક મંહતોથી ભટકતાં,
પણ ધર્મ વગરનું શાસ્ત્ર નકામું.

આપાધાપીના વમળમાં જીવ સંશયમા ભટકતો,
પણ શાંતિ વગરની જિંદગી નકામી.

જીવ જ શિવ છે છતાં હરિ પામવા ભટકતાં,
પણ વિશ્વાસ વગરનો શ્વાસ નકામો.

## ૧૮. જગત તાતની ઇચ્છા

આંખોને ટાઢક મળે એવી,
ચોતરફ હરિયાળી થઈ જાય.

વરસે વરસાદ અનરાધાર,
ધરતી લીલીછમ થઈ જાય.

ઘનઘોર ઘટા બનીને વરસે,
મહેક ભીની માટીની થઈ જાય.

મેઘધનુષ્યના રંગે રંગાઈ એવા,
અંકુર ફૂટે મલકાતી ધરતી થઈ જાય.

ડાંગર જો ફાલે સારો તો,
ઈશની મહેરબાની થઈ જાય.

ધરતીપુત્રની મહેનત રંગ લાવી,
મેઘ વરસાવી મહેર કુદરતની થઈ જાય.

સર્જન પોષણ કરનારી પ્રકૃતિ,
ધાન્ય આપે તો જગતતાતને કરામત થઈ જાય.

## ૧૯. મારા પ્રીતમની વાટે

દૂર કહીં વસે છે મારો મનડાનો મીત,
જેના રંગે હું રંગાઈ આતમથી પ્રીત,
મારા પ્રીતમની વાટે...

મારો સાંવરિયો જાય વતનની કાજે,
ન્યોછાવર કરે જીવન વર્દીની લાજે,
મારા પ્રીતમની વાટે....

મારો સેંથાનો શણગાર મારી સુની પડી છે સાંજ,
ઝાંઝરનો ઝણકાર ને ભૂલી ગઈ છું ભાન,
મારા પ્રીતમની વાટે...

મારો પ્રીતમ સરહદ પર પોતાની ફરજ પર,
વિરહની વેદનામાં ટૂંકા નો થાય દિવસ ને રાત,
મારા પ્રીતમની વાટે...

મારા ગર્ભમાં છે અમ પ્રેમનું બીજ,
બાળકનાં આવવાની આતુરતામાં બની છું ઘેલી,
મારા પ્રીતમની વાટે...

એ પ્રેમનું બીજ અમ બંનેનું ખીલેલું બીજ,
એક મા બની હું પણ બનું સંપૂર્ણ સ્ત્રી,
મારા પ્રીતમની વાટે...

# ૨૦. ગમતીલું

ક્યારેક ગમતીલું ઓચિંતું રસ્તામાં મળી જાય,
તો ક્યારેક ગમતીલાના દીદારનો સંયોગ થાય!

નજરો મળે એવી ને લાગણીઓ ઠરીઠામ થાય,
"અંત" નહીં અંનત આનંદદાયી પળોની પ્રાપ્તિ થાય!

અમારો સ્નેહાળ સંબંધ અદકેરો રહે સલામત,
થાય એવી ઈશની અસીમ કૃપાનો સાક્ષાત્કાર થાય!

દિલમાં તું જ રહે ને ગમે તારો જ સાથ હરપળ,
એવી પ્રેમની ભાવનામાં રહીને ચિત તલ્લીન થાય!

પ્રેમ પારસમણીનાં સ્પર્શે મારું તન મન કંચન થાય,
ગજબની અસર થઈ જાય ને મન પ્રેમભાવન થાય!

# ૨૧. કાના સંગ રમું ધુળેટી

પિચકારી ભરીને અવનવા રંગે કાના રંગજે મને,
ધુળેટીના ફૂલડોલ ઉત્સવે હું રંગાવું તારા રંગમાં.

મોહનની મીરાં સમ આતમે સમાવી લેજે? મને,
હૃદય તણાં શ્વાસ બની અનંત આણી મારાં અંગમાં.

માધવ તારામાં મારી દુનિયા વસાવી જીવું છું હવે,
વેરવિખેર થઈ છતાં સમજાવીને રાખજે તારાં સંગમાં.

સમજદારીથી સમૃદ્ધ સંમદર અફાટ છે તું પ્રીતનો,
નાસમજી, નાદાની મારી વિસરીને જોજે મને ભવમાં,

ક્યારેક ભયભીત થાઉં તો ઉગારી લેજે મને જગતમાં,
વિકરાળ સંસારથી દલીલબાજી નથી કોઈ મને જંગમાં.

,

## ૨૨. અમે તો ભૈ બબાલિયા!

નાની અમથી વાતમાં કચ્ચી-કચ્ચીને બૂમો પાડીએ,
લડાઈ ઝઘડામાં અવ્વલ, અમે તો ભૈ બબાલિયા!

વિભિન્ન વિચાર સાસુ વહુની તકરાર જગમાં વિખ્યાત,
એમાં આશ્ચર્ય શું કરીએ, અમે તો ભૈ બબાલિયા!

અહમની આડમાં કોઈ પણ વાતમાં નીચું ના જોખીએ,
નીજ અહમ્ તણાં આળોટીયે, અમે તો ભૈ બબાલિયા!

ખોટાં આડબંરો ગૂંથીએ સકારાત્મક વિચારસરણીથી અળગાં,
પ્રતિકૂળ મનનાં વિઘ્ન સંતોષી, અમે તો ભૈ બબાલિયા!

વેલેન્ટાઈન ડે વીથ સાસુમાને ખુશ કરવા ગતકડાં કરીએ,
ભેટનો પણ તિરસ્કાર કરીએ, અમે તો ભૈ બબાલિયા!

## ૨૩. થઈ ગઈ!

શમણામાં દેખ્યાં હતાં સપનાં જેનાં સામે મળ્યાં,
આજ મોઘેરી, મહેકતી, સોહામણી પ્રભાત થઈ ગઈ !

શબ્દોની માયામાં ફસાયા વિના આત્મીયતાથી રહેતાં,
નિરંતર કરતાં વાતો જે હવે લગાતાર થઈ ગઈ !

કેસુડો મલકાયો વગડામાં કેસરિયાં છાંટા થયાં,
કેસરી, રતુંબડાં રંગે રંગાવા નાર અલબેલી થઈ ગઈ !

માલિકી ભાવ રાખ્યા વિના બંને ખાસમખાસ રહીએ,
મળેલ અધિક મૂડી ખુદની કલ્પનોથી પરની થઈ ગઈ!

ઠેસ તો આજે "વૈદેહીનાં" હૃદયને જોરદાર વાગશે,
ધાર વગરની કટાર જે રુદિયાની આરપાર થઈ ગઈ!

# ૨૪. વિહંગની જોડી

વિહંગ આભે ભ્રમણ કરી આથમતી સંધ્યાએ,
વિહંગની જોડી આવી બેઠી અમારી છાજલીએ.

કેસરી, લાલ, ગુલાબી ? જેવાં રંગો ખીલે સંધ્યાએ,
અમે નિહાળીએ મેઘધનુષ કેરાં રંગો અગાશીએ.

પાંખો ફેલાવી ભમીને માળે પરત ફરતાં સંધ્યાએ,
નિજાનંદ મસ્ત થઈને પ્રણયે મળવાં અગાશીએ.

વિહંગ નિહાળે જગને કેવો કલરવ શમતો સંધ્યાએ,
કરતાં બેસી વિમર્શ વિહંગની જોડી અટારીએ.

દેહ ચાહે જે ધરો બધાંની એક જ અરજી ને મરજી એ,
દરેક જીવ હરપળ શાંતિ ઝંખતો બેસીને અટારીએ.

# ૨૫. મઝધારમાં અટવાઈ

કેમ કરીને નિભાવું હવે સંબંધોનો પણ ભાર લાગે છે,
સહી લઉં છું કડવાં વચનો રોજબરોજ સતત એનાં
હવે એ પણ આઘાત લાગે છે.

દરિયામાં હાલક ડોલક કરતી ચાલતી હતી અમ નાવડી,
મઝધારમાં અટવાઈ તો એવી કે હવે કિનારો દૂર લાગે છે.

નિયતિનો ખેલ કોઈ સમજી શક્યું નથી આજ સુધી !
રંગમંચ પર ખેલખેલે કઠપૂતળીના હવે એ સાચું લાગે છે.

છૂટાછેડાના કાગળ હાથમાં છે જે
હવે લગ્ન તૂટ્યાનું પ્રમાણ લાગે છે,
પોતાનામાં જ અલમસ્ત રહેતો એક વળાંક પછી હવે
એને રસ્તો સીધો લાગે છે.

મૂકી દીધી માયા કંઈ લઈ જવાનું નથી એ હવે ખરું લાગે છે,
લકીરમા નથી એ ક્યારેય મળવાનું નથી
હવે એ હકીકત લાગે છે.

## ૨૬. થોડો ઘણો તો ફરક મળશે!

ક્યાંક ઉઝરડા તો ક્યાંક મલમ મળશે,
સંબંધે સંબંધે થોડો ઘણો તો ફરક મળશે!

ક્યાંક અતિરેક તો ક્યાંક ઓછું મળશે,
લાગણીએ લાગણીએ થોડો ઘણો તો ફરક મળશે!

ક્યાંક ભીનું તો ક્યાંક કોરું મળશે,
નીતરતાં અને આલાલીલામાં થોડો ઘણો તો ફરક મળશે.

ક્યાંક કૃષ્ણ ભક્તિની કથા તો ક્યાંક લીલા મળશે,
શ્રીકૃષ્ણને પામવામાં થોડો ઘણો તો ફરક મળશે!

ક્યાંક આદિમ સંસ્કૃતિ તો ક્યાંક વેદ પુરાણ મળશે,
ઈતિહાસને જાણવામાં થોડો ઘણો તો ફરક મળશે!

## ૨૭. મારે તારી સાથે વાત કરવી છે

બેસને મારી પાસે જરા બે ઘડી,
મારે તારી સાથે વાત કરવી છે,

આંખોને પણ આવી ગયું આવરણ,
દ્રશ્ય પછી અદ્રશ્ય થઈને ધૂંધળું થાય,
એ પહેલાં જૂની વાતોની ખાણ ખોદવી છે,
મારે તારી સાથે વાત કરવી છે.

નાની એવી વાતે રીસાઈ જવું,
થોડીવારમાં જાતે જ માની જવું,
એવી નિખાલસ પળોને જીવંત કરવી છે,
મારે તારી સાથે વાત કરવી છે.

રાહમાં તારી સમય વીતે અહીં,
અળગાં એવાં રાહનો સંગ સેવી,
તારાં સાનિધ્યના બિછાને સુઈ જવું છે,
મારે તારી સાથે વાત કરવી છે.

ચંદ્રમાનાં શીતળ ચાંદની આલમમાં,
સુસવાટા મારતા ઠંડા ઠંડા વાયરામાં,
એમાં તારા આલિંગનમાં ભાવવિભોર થઇ જવું છે,
મારે તારી સાથે વાત કરવી છે.

આ શ્વાસ ખલાસ થાય એ પહેલાં,
દોસ્ત, ચાલને કટિંગ ચાની ચૂસકી માણીએ,
નયનો પલળે એટલું હસી હસીને હાંફી જવું છે,
મારે તારી સાથે વાત કરવી છે.

## ૨૮. વ્યથા

મારો બેહદ બેફામ પ્રેમ જ હતો એક તરફી,
એમાં નરી ઘેલછા રહી ગઈ......
પ્રેમ તો ફક્ત મિથ્યા જ છે,
લાગણીઓની નકામી વાતો રહી ગઈ.....
ખોજવી હતી મોજની થોડી પળો,
પણ સુખ શાંતિ ખોવાઈ ગઈ
ને નરી એકલતા રહી ગઈ.....
કંઈક તો હતું એમાં ચુંબકિય
આકર્ષણ હતું કે લાલચ હતી ?
એની વાસ્તવિકતા પારખવાની રહી ગઈ.....
પામવો હતો ક્ષણિક આનંદ,
પણ હાથમાં દર્દની દોરી રહી ગઈ.....
મને એ હતું કે તું સાચો છે,
પણ મારી આ ભ્રમણાઓ ખોટી રહી ગઈ.....
મનગમતી પળો માણવી હતી સાથે,
પણ ફક્ત યાદોનું દર્પણ રહી ગયું......
સાંભળ્યું છે કાંઈ મેળવવા માટે કંઈક ખોવું પડે છે,
પણ ખબર નહીં મને ખોઈને એને શું મળ્યું હશે...?

## ૨૯. વાર નહીં લાગે

તું ચાલીશ પછી ચાલીશ નહીં તો તું ચાલીશ નહીં,
જો ઝડપથી દોડીશ તો પાછો પડી જઈશ,
પછી શ્વાસ ચડશે ને હાંફતાં, વાર નહીં લાગે.

મનુષ્ય માટે ચિંતા ચિતા સમાન છે,
ચિંતાથી અનેક રોગને આમંત્રણ આપી,
પછી આરોગ્યને બગડતાં, વાર નહીં લાગે.

યોગ, ધ્યાન, ઊંડા શ્વાસથી વ્યક્તિનો,
જાગૃતતામાં દિન પ્રતિદિન વધારો થાય,
પછી પ્રફુલ્લિતતા જાળવતા, વાર નહીં લાગે.

વિકાસના વાઘા પહેરીને શહેરીકરણ,
પ્રદૂષણે આબોહવા ઘમરોળી એવી,
પછી વાતાવરણને બગડતાં, વાર નહીં લાગે.

ઠગોનો કોઈ એવો વર્ગ છે દુનિયામાં,
જે છેતરવા માટે સદૈવ તત્પર રહે છે,
એવાને ઓળખી પુરવાર કરતાં, વાર નહીં લાગે.

## ૩૦. હું કંઈ કહીશ તો તને નહીં ગમે!

રિસાવું નથી તો પણ તારાંથી રિસાવ છું,
લાગણીઓનાં દરબારમાં માંગણીઓ ના સમજતો,
નાની અમથી વાતથી ખાલી ખાલી અકળાયા કરે,
હું કંઈ કહીશ તો તને નહીં ગમે!

તારા શોખ આકાશમાં ઊંચાઈ આંબવાનાં,
મારો શોખ નાની નાની ખુશીઓમાં,
ક્ષણભરનાં થયેલાં આનંદથી તું સાવ અજાણ,
હું તને કહીશ તો તને નહીં ગમે!

પાણીપૂરી અને વડાપાઉં મારું પ્રિય ખાણું,
તને પીઝા અને અનેક જંક ફૂડનું ઘેલું,
છતાં દરેક ખાણીપીણીમાં તારો અણગમો,
હું કંઈ કહીશ તો તને નહીં ગમે!

તારી વ્યસન કરવાની આદતને ચલાવી લઉં,
તું મારી વાણીનો પણ તિરસ્કાર કરતો,
તારું મને અપમાનિત કરવું વારંવાર,
હું કંઈ કહીશ તો તને નહીં ગમે!

## ૩૧. સાંજને રોમેન્ટિક બનાવીએ

જીવનની સાંજને ચાલ રોમેન્ટિક બનાવીએ,
અધૂરાં સપનાને પૂરાં કરીએ.

ટીપે ટીપે પણ રોમ રોમને રોમાંચિત બનાવીએ,
બાકી ખ્વાહેશોને પૂર્ણ કરીએ.

મનની ઉલજનોનાં ચાલને કિનારા બનાવીએ,
બેફિકરાઈથી જીવીને આનંદ કરીએ.

હિલોળે ચડેલી ઝંખનાઓને એકચિત્ત બનાવીએ,
હૃદયપટનાં ઘર્ષણને શાંત કરીએ.

જાદુ પથરાય આસપાસ એવાં પળો બનાવીએ,
વહાલ ભર્યો સ્પર્શ દિલદારને કરીએ.

# ૩૨. મારી વહાલીને વહાલ છે

મારા બાગનું તું મઘમઘતું ફૂલ,
ચારેકોર પ્રસરાય તારી ફોરમ,
તારા નમણાં નાજુક હાથ પગ,
નાની નાની પગલીઓ પાડતી,
મારી વહાલીને વહાલ છે.

તારી કર્ણપ્રિય મીઠી મધુર વાણી,
તારા કલરવથી ગુંજે અમારું ઘર,
જાય મામાનાં ઘરે ત્યારે સઘળે સૂનકાર,
મામાનાં ઘરેથી રૂમઝૂમ કરતી આવતી,
મારી વહાલીને વહાલ છે.

રમાડતાં બાળપણમાં થઈ જાવ ગરકાવ,
બાળપણની ઝાંખી અમને કરાવતી,
તારા સ્મિતથી ઉતરી જાય બધો થાક,
લાગેના નજર ઓવારણાં લઉં વારેવારે,
મારી વહાલીને વહાલ છે.

બોલ્યા વગર ઈશારાથી તું ભાવ દર્શાવતી,
હરપળ મારો પડછાયો જ દિશે તુજમાં,
સૌમ્યા તું મારી વહાલસોય પૌત્રી,
"વૈદેહીના" દિલનો તું ધડકનનો ધબકાર છે.
મારી વહાલીને વહાલ છે.

## ૩૩. મોબાઈલના બંધાણ

દીકરી તને મોબાઈલના ખોટા એવા બંધાણ થઈ ગયાં,
મોબાઈલના એવાં વળગણે સંબંધો સાવ ટૂંકા થઈ ગયાં!

સંબંધોને મર્યાદા તૂટીને બધાંના માન ઓછાં થઈ ગયાં,
ફૂલાણા ફેશનમાં ને કાળજાના કેવા કઠણ થઈ ગયાં!

વડીલો સાથે બેસીને બોલવાનાં તો જાણે અભાવ થઈ ગયાં,
બોલનારા વડીલ જ આજે કેમ માનમોંઘા થઈ ગયાં !

આમને આમ અંતરના, લાગણીને, ભાવ હવે ઓછાં થઈ ગયાં,
બધે ખોટા દેખાવ કરવાના તો હવે સાલા ઢોંગ થઈ ગયાં!

મોબાઈલમાં બંધાય એવા કે વ્યવહારમાં જતાં ઓછાં થઈ ગયાં,
મનોરંજનના બધાં સાધનો મૂકીને મોબાઈલમાં ગરકાવ થઈ ગયાં!

## ૩૪. દીકરા હું એક મા છું

ખૂણામાં બેસીને આંસુ સારતી,
ખાલીપાને ઢંઢોળી કુતૂહલથી તાકતી,
દીકરાની રાહની કેડીઓ કંડારતી,
દીકરા હું એક મા છું.

પરસાળમાં બેસીને ડેલીએ રાહ જોતી,
મા દીકરાના વાર્તાલાપના સંભારણાં સેવતી,
વહાલસોયાનાં કાને ભણકારા સાંભળતી,
દીકરા હું એક મા છું.

અજુકતું બોલીને સંબંધની મર્યાદા ના જાળવતો,
કટુ શબ્દોથી હૃદયનાં તાર ચિરતો,
જીવ મારો પણ દુભાય છે,
દીકરા હું એક મા છું.

કાલની આવેલીની વાત સાંભળીને,
માને ન બોલવાનાં વચનો તું બોલતો,
માને ઘઘલાવતી ઘરવાળીને ચૂપ ના કરાવતો,
દીકરા હું એક મા છું.

વાત મહત્ત્વની છે કે વ્યક્તિ મહત્ત્વની,
દીકરા મા મહત્ત્વની છે બોલવાનું ધ્યાન રાખ,
બેટા ''મને ન સમજાયું'' મારી હું વેદના કોને કહું?
દીકરા હું એક મા છું.

## ૩૫. કોઈ સ્પર્શી જાય છે

સુંદર કુદરતી દ્રશ્ય આંખોને સ્પર્શી જાય છે,
મીઠી મધુર વાણી હૈયને સ્પર્શી જાય છે.
બેધડક પ્રેમાળ સાથી દિલને સ્પર્શી જાય છે,
બિન્દાસ, બેસુમાર પ્રેમ કરવાની આદત ધબકારને સ્પર્શી જાય છે.
જુવાનીનાં જોશમાં તરબોળ હોય તો જોબનને સ્પર્શી જાય છે,
સ્પર્શવા માટે તો ક્ષણિક જ બહુ થઈ જાય છે.
આંગળીનાં ટેરવાંથી કોઈ રોમેરોમને સ્પર્શી જાય છે,
ભાવ જ એવો રાખો કે તન કરતાં વધારે અંતર મનને સ્પર્શી જાય.

## ૩૬. જય પીઠડ મા

અનેક રૂપે અવતરી ભોમ ઉતરાણે,
એવી શક્તિ ઈશ્વરીય આઈ શ્રી માત,
જય પીઠડ મા.
જેની સહાયથી દરિયો ઓળંગાઈ,
ભાવથી ભજે એનાં કામ સફળ થાય,
જય પીઠડ મા.
આધિ, વ્યાધિ, ઉપાધિ સર્વ ટાળે,
જે આવે પીઠડના દરબારે એનાં,
જય પીઠડ મા.
શક્તિ સ્વરૂપા કુળદેવી માત,
દેવીને ભજીને જીવ પાવન થાય,
જય પીઠડ મા.
માની શક્તિ અનેકને અપાર,
દિવ્ય જેનો થાય સદા ચમકાર,
જય પીઠડ મા.
માતાની સોના રૂપાની છડી પર,
હંમેશાં છપ્પન ગજ ધજા શોભે,
જય પીઠડ મા.
વિનવે નયન "વૈદેહીના" માતને,
દર્શન દઈ હરપળ વિપત્તિ દૂર કર,
જય પીઠડ મા.

## ૩૭. ભૂલ્યો તું પ્રીતનાં વચનો

રૂપાળી, કામણગારી કન્યા દેખી આંખો અંજાઈ તારી,
સ્રીનુ લોભામણું આકર્ષણ દેખી ભૂલ્યો તું પ્રીતનાં વચનો.

ખુદનો થઈને પીઠ પાછળ છળતો અંગત ભેરુ,
ઘાવ સંતાપે, કાળજું કંપાવીને ભૂલ્યો તું પ્રીતનાં વચનો.

સપ્તપદીનાં સાત ફેરાનાં વચનો પાળવાનો પ્રયાસ છૂટ્યો,
અબૂધ બની નિહાળતી ભૂલ્યો તું પ્રીતનાં વચનો.

રાસરચીલું સઘળે છતાં મોહિનીના મોહપાશમાં ફસાઈને,
ફરજોથી વિમુખ થઈને શાને ભૂલ્યો તું પ્રીતનાં વચનો.

જીવનસંગીની હું તારી પ્રેમથી તરબોળ રહીએ લગોલગ,
ખોટાં આડંબરો મનમાં ગૂંથીને ભૂલ્યો તું પ્રીતનાં વચનો.

## ૩૮. પોતાનાં માટે જીવવું છે

ઉંમરનો એક દાયકો પૂરો થઈ ગયો,
ક્યાં હતાં અત્યાર સુધી તમે ?
જવાબ કંઈક એવો હતો કે,

અત્યાર સુધી બધાં માટે જીવતી હતી.
હવે અક્કલ આવી છે,
તો પોતાના માટે જીવવું છે !

ઘડીભર નિરાંત જોઈએ છે મારે,
હવે મનગમતાં દોસ્ત મળ્યા છે,
એની સાથે મન ભરીને જીવવું છે,
કેટકેટલીય વાતો કરવી છે,
તો વધતી ઉંમરે કહ્યું કે,
હવે ઉંમર વધશે પણ સ્ફૂર્તિ એવી જ રહેશે,
જયાં સુધી તમે મિત્ર સાથે જીવશો,
તમે જુવાન જ રહેશો.

## ૩૯. તું આવજે

હું તને કહું તો તુ આવજે,
તારા માન મોભાને મૂકીને આવજે.
તારા પ્રિય મિત્રની પુકારે આવજે,
અજવાળે કે અંધારે ગમે તે ક્ષણે આવજે.
હૈયાની વાટે તરત જ આવજે,
ઉગતા કે આથમતા પહોરે આવજે.
સાદના પોકારે ઝટ તું આવજે,
ફુરસદની પળો વધારે લઈને આવજે.
કંઈક કહેવાય જાય તો ખોટું ના લગાડતો,
હરપળ તને યાદ નહીં કરાવું.
સમય કોઈની પાસે નથી,
પણ તારા અનમોલ સમયની ભેટ આપવા આવજે.
જો જે મોડું ના કરતો,
સમયને પાર... બસ દિલની વાટે જરૂર તું આવજે.

## ૪૦. શણગાર

બાગમાંથી સુગંધિત ફૂલો તોડી લાવી હું અપાર,
ફૂલો પાંદડી જોડીને બનાવી વેણી મેં ગુચ્છેદાર....!

કેશગૂંથણ કરી પિયુએ કર્યો મુજને શણગાર,
પુષ્પોની સુગંધ સાથે જોડાયો અમ પ્યાર....!

હાર, ઝુંમર, બિંદી સજાવી પાયલનો ઝણકાર,
વહાલાની વહાલપથી વિમુખ થયો સંસાર....!

વ્યાકુળ એવા બન્યા ફૂલો અને ફૂલહાર,
થનગનાટ થતાં હૈયે આતમથી નિસાર....!

અર્ધાંગિનીનો શણગાર જોઈ પિયુને વાગી કટાર,
પિયુના પ્યારથી મળ્યો મુજને ઉપહાર....!

# ૪૧. અછાંદસ

તારું મારા
તરફ
તાકવાનું ને
મારું
તુજને
જોઈને મલકાઈ
જાઉં એનાંથી
હૃદયમાં એવી
શીતળતા
અને
આહલાદકતા છવાતી
જાણે ચારેબાજુ
પતંગિયાં
ઉડતા
પણ
એ ક્ષણ કાયમ
ના હોય
ફક્ત ક્ષણિક
જ હોય
છતાં
જેમાં હૃદયમાં
પ્રેમ સાથે
હાશકારો અનુભવાય
એવો એહસાસ
જીવનની
પૂંજી હોય.

## ૪૨. ગોઝારી હોનારત

ઝૂલવા ગયા
ઝૂલતા પુલે
આનંદ કિલ્લોલ કરતાં
પળભરનું હાસ્ય પુલ પરનું
અંતિમ હાસ્ય બની ગયું.
કાળમુખો કાળ
ભમતો હતો
ને સૌ કોઈ
કોળિયો બની ગયા.
ચીસો ચિચિયારીઓથી
હૃદય સૌનાં દ્રવી ઉઠ્યાં
નાના ભૂલકાંઓની
લાશો જોઈને
અશ્રુધારા વહેવા લાગી
અને
વેદના પોકારી ઉઠીને
હૃદય સૌના ચીરી ગઈ
મચ્છુએ
વિકરાળ મુખ ખોલીને
માનવીઓને
ઓહયા કરી ગઈ.

# ૪૩. મારી પૌત્રી

પ્રેમાળ સ્મિત
વાંકડિયા વાળ
માંજરી આંખો
કપાળે બિંદી
ગાલમાં ખંજન
નાની પગલીઓ
પાડતી
મારી પૌત્રી
ચુમવા તને
બેકરાર હૈયું
છાતી સરસી
તું
ચોટતી
આમતેમ ફરતી
ઝટ ખોળામાં
આવીને બેસતી
પ્રેમનો વરસાદ
વરસાવતી
નખરાળી તારાં
નખરાંથી
દિલ બધાનાં

જીતતી
હેત રેલાવતી
પ્રેમનું ઝરણું
વહાવતી
બોલતાં નથી આવડતું
છતાં
તારી કાલીઘેલી
ભાષામાં સમજાવતી
ફુગ્ગા તો તને
બહુ ગમે
પણ
નિત્ય નવા
રમકડાંની જીદ કરતી
ગુસ્સો કરીને
ધૂળમાં આળોટતી
તોય મીઠડી લાગતી
સહુને વહાલી.

## ૪૪. સરનામું હાથ લાગ્યું છે

વર્ષો વિત્યા પછી આજે એક સરનામું હાથ લાગ્યું છે,
માવઠું બનીને ફરી આજ યાદોનું ઝરણું હૈયે વાગ્યું છે.

સમજદારીની આભા ઓઢ્યાં પછી બધું નિરર્થક લાગે છે,
ઝરૂખે બેસીને જોયું જે એક સમણું હૃદયે ઠગ્યું છે.

ભીતરને ટટોળી અવાજ અંતઃકરણમાંથી આવતાં,
વિચાર હતો કે ગઝલ લખું કે કાવ્ય લખું અપવાદમાં મન ફગ્યું છે.

ગુમનામ થયો મરીઝ હું બીમારીના નામે હતી જે તારી,
સ્ફૂર્તિ આવી જીવનમાં જે પ્રેમની દવા પીવાથી દર્દ દૂર ભાગ્યું છે.

સમરાંગણે મળીને આલિંગનથી રોમ રોમને પુલકિત કરતું,
ઉરની ઊર્મીઓ હરપળ પ્રગટાવે પ્રેમનું સાતત્ય માંગ્યું છે.

દાદાગીરી તો હું મર્યા પછી પણ કરીશ તુજ પર "વૈદેહી",
મારું અને એનું શરૂ થયેલું પ્રેમ પ્રકરણ સ્વર્ગ સુધી ચગ્યું છે.

## ૪૫. હૃદયનાં ભાવ

છે ક્ષણભરનો તારો સંગાથ,
તોય કેમ મને મજાનો લાગે છે?

છે દુનિયામાં તું સાવ આરો-ન્યારો,
સાથ તારો પ્રેમનો ખજાનો લાગે છે!

છે સાહસમાં તારા અજબ હિંમત,
સામર્થ્યમા તું મોટા ગજાનો લાગે છે!

છે "સ્નેહનું બંધન" તારાથી અલગ,
જાહેરમાં ચુંબન તો લજ્જાનો લાગે છે!

છે આનંદ તારા સંગાથે હરપળ,
મળીએ તો દિવસ રજાનો લાગે છે!

## ૪૬. કાના માટે કૈંક કરી જોઉં

ચાલને કાના આજ કૈંક અલગ કરી જોઉં,
શ્યામના હસ્તની બંસરીને રાધાને ધરી જોઉં.

શું કેસુડાંનો ઠાઠ! સૈયર ઝૂમતી આવી વસંત,
પાંદડે પાંદડે વસંત ખીલીને લીલીછમ ધરતી જોઉં.

ગોકુળિયામાં રાસ રમતાં દરેક હૈયે રાધાશ્યામ,
આજ હું પણ પ્રેમાતૂર થઈને રાસ રમી જોઉં.

સ્મરણ તો તારું કાના સવાર ને સાંજ કરું,
એકવાર આજ હું તને વીસરીને ખુદને મળી જોઉં.

શ્યામ કેરાં અવનવાં રંગે રંગાઈને ધુળેટી રમું,
આજ જીવનમાં મેઘધનુષ કેરાં રંગો હું ભરી જોઉં.

પ્રેમનો પવન ફૂંકાયો હૃદયે અલગારી એવો,
આજ કાનાના પગલાંની છાપ હું પડાવી જોઉં.

તારો કાયમી વસવાટ મારા દિલમાં રહે કાના,
આજ તો કાના હું તારા દિલમાં રહી જોઉં.

## ૪૭. નયનોની પ્રીત

મોસમની અસર કૈંક એવી થઈ ગઈ,
સમણાં સજેલી સાંજે તુજને મળાવી ગઈ !

નજર સાથે નજર કૈંક એવી મળી ગઈ,
નજરનાં આલિંગને પાંપણો શરમાઈ ગઈ !

રાજીપો મનમાં ને શાંતિ કૈંક એવી થઈ ગઈ,
હૃદયને શાંતિ આપતી મનભાવન પળ થઈ ગઈ !

હૈયા સંગ હૈયાને વાત કૈંક એવી કળી ગઈ,
એકમેકનાં સ્પર્શથી ગાલે લાલીમાં છવાઈ ગઈ !

શું કહું હૈયાની હાલત કૈંક એવી થઈ ગઈ,
અધરે સ્મિત આપ્યું ને નયનોથી દિલ હરી ગઈ !

પ્રેમ ભાવમાં કૈંક એવી ગરકાવ થઈ ગઈ,
વહાલથી નીતરતો સ્નેહરસ સદાને પામી ગઈ !

નયનોની પ્રીત કૈક એવી બહાવરી થઈ ગઈ,
ભોળા હૈયાનાં એ પ્રેમથી બેહાલ થઈ ગઈ !

# ૪૮. તું એટલે

તું એટલે મારી આંખમાં આંજેલું એક નામ,
તું એટલે મારી ગમતી સફરનું પૂર્ણવિરામ,

તું એટલે મારી મનગમતી પળોનો સરવાળો,
તું એટલે મારી કલમની શબ્દોનું ભાવાર્થ,

તું એટલે મારા વહાલ કેરા દરિયાનું પ્યારું મોતી,
તું એટલે મારો સધિયારો, મારો આત્મવિશ્વાસ,

તું એટલે મારી સાધના, આરાધના, મારો પહેલો પ્રેમ,
તું એટલે ભૂલી જાવ બધું પણ તને ના ભૂલું,

તું એટલે નાનકડો શબ્દ પણ દુનિયાનું સર્વસુખ સમાયેલું.

## ૪૯. ક્યાં સુધી?

મોતનાં ઓથાર વચ્ચે પણ નિર્દોષ મલકાટ,
જીવનમાં હૈયા બળતરાં હવે ક્યાં સુધી?

કાયમ લોકોને ગેરમાર્ગે દોરીને ઉઠા ભણાવતાં,
માણસની "રહસ્યમય" વાર્તા હવે ક્યાં સુધી?

મોં પર રામને બગલમાં છરી રાખતાં ઘણાં સંબંધો,
સગપણમાં ખોટાં દેખાડાં હવે ક્યાં સુધી?

નિજ આનંદમાં મહાલવા આળપંપાળ કરતાં,
આ તારું આ મારું એ બધું હવે ક્યાં સુધી?

પેટિયું રળવા દોડે બધાં માનવ આમ 'વૈદેહી',
ભૂલીને ખુદનાં અસ્તિત્વને હવે ક્યાં સુધી?

# ૫૦. નેણોની નજાકત

આવવાની મને પણ આતુરતા હોય,
જ્યાં રાહ જોતી તારી નજર હોય.

અલગારી એ નજરમાં ઉત્સુકતા હોય,
શણગાર સજીને સંધ્યા ખીલી હોય.

આભ અદકેરાં રંગોથી રંગાયેલું હોય,
સંધ્યાને પાલવે પ્રીતડીએ બાંધી હોય.

સ્મરણ કરુંને હર સમયે દર્શન હોય,
જોઈને તને મુખ પર અનેરું સ્મિત હોય.

અધરોમાં આવી જાણે કામુકતા હોય,
નમણાં નેણો સંતોષથી તરબતર હોય.

# ૫૧. અંતરનાં ભાવ

ખીલ્યો રત્નાકર આંગણામાં પુષ્પગુચ્છ,
ફૂલડે ફૂલડે મધુ મહેકતી જૂઈની વેલડીએ,

લીલુડાં કૂણાં પાંદડે વાયરાના સ્પર્શે ડોલતી,
એવાં તરુંઓ ઝૂમે ઈઠલાતી જૂઈની વેલડીએ.

અંતર સ્મિતથી હૃદયભાવ સ્પષ્ટ થતાં,
સખીઓ ટોળે વળી છેડતી જૂઈની વેલડીએ.

નવપલ્લિત નવધા અરમાન લઈને આવતી,
જાજરમાન એ મલપતી જૂઈની વેલડીએ.

ઉછળતાં ભાવે કળીવૃંદ બની હવે પુષ્પ,
પ્રણય ગોષ્ઠિએ મલકાતી જૂઈની વેલડીએ.

## ૫૨. દીકરી મારી અનોખી

આમતેમ બધું નાખવું ને ઉથલપાથલ કરવું,
કંઈક તો એની જગ્યાએ તું રહેવા દે.

જે હાથમાં આવે ફેંકીને તોડફોડ કરવું,
થોડીઘણી વસ્તુઓ તો અકબંધ તું રહેવા દે.

આખો દિવસ ઘરમાં બધું વેરવિખેર કરતી,
ગંદવાળ પછી થોડુંક તો ચોખ્ખું તું રહેવા દે.

તોફાન કરવામાં બધાં છોકરાઓમાંથી તું એક્કો,
તારાથી કોઈક તો ચડિયાતું હોય એવું તું રહેવા દે.

હોશિયાર તો એટલી કે બધું કાયમ યાદ રાખતી,
યાદશક્તિનું જાણીને અમને ચોકવવાનું તું રહેવા દે.

નિર્દોષ ભાવે ગમે તેની જોડે જવા તૈયાર થતી,
પછી જીદ્દ કરીને હવે આળોટવાનું તું રહેવા દે.

બુધ્ધિ ચાતુર્યમાં તો તું અવ્વલ નંબર બેટા,
ડહાપણ ભણવાના કામમાં આવે એવું તું રહેવા દે.

તને જોઈને નાનપણમાં થઈ જઉં ગરકાવ,
કોના જેવી થઈ છે એ વિચાર કરવાનું તું રહેવા દે.

વહાલી મારી સૌમ્યા હસી ખુશીનો ખજાનો,
"વૈદેહી" તારી સૌમ્યા છે અનોખી એને અનોખી જ રહેવા દે.

# ૫૩. સાચી કિંમત

બેફામ બનીને માનવી અવળે માર્ગે જાય છે,
આડા માર્ગે જઈને માનવી ઠોકર ખાય છે,
છતાંય બીજાની ભૂલથી શીખ ક્યાં લેવાય છે?
ગુમાવ્યા પછી જ સાચી કિંમત સમજાય છે!

કેવી વિટાબણામાં લાલચું મન ગૂંચવાય છે,
અનેકગણું મળ્યાં પછી પણ અધૂરાં રહી જવાય છે,
છતાંય અસંતોષથી જીવીને લજવાય છે,
ગુમાવ્યા પછી જ સાચી કિંમત સમજાય છે!

જીવનની નૈયા મઝધારમાં ફસાય છે,
હાલકડોલક થાય ત્યારે મન ગભરાય છે,
છતાંય ખારાં દરિયામાં જીવનનૈયા ઓળંગાય છે,
ગુમાવ્યા પછી જ સાચી કિંમત સમજાય છે!

અભિમાન તણો તું શાને અકળાય છે?
તારી હોશિયારી ને બુદ્ધિ આમ જ અંકાય છે,
છતાંય ક્રોધ પર કાબૂ ના જળવાય છે,
ગુમાવ્યા પછી જ સાચી કિંમત સમજાય છે!

સમયની ધારે માનવી જીવન ઘડાય છે,
પીઢતા પછી જ પરિવર્તનથી જીવાય છે,
છતાંય માનવી હંમેશાં અધૂરો વર્તાય છે,
ગુમાવ્યા પછી જ સાચી કિંમત સમજાય છે!

## ૫૪. ઓ શ્યામ મને લાગ્યો આ કેવો તે રંગ

ઓ શ્યામ તારી નગરીમાં મેં તો નગરી વસાવી,
શબ્દોને શણગારી મેં તો ઓળખાણ કરાવી,
કાવ્ય ને લેખ લખી મેં તો છાપામાં છપાવી....!!

ઓ શ્યામ મને લાગ્યો આ કેવો તે રંગ—(૨.
બીજો કોઈ રંગ મને ચડતો નથી,
ઓ શ્યામ મને લાગ્યો આ કેવો તે રંગ....!!

નિત્ય ઊઠું ને પોઢું દેખી તને,
મોહન દેખી તને મનમાં મલકાઉ,
શ્યામ મને લાગ્યો પ્રેમનો રંગ,
બીજો કોઈ રંગ મને ચડતો નથી
ઓ શ્યામ મને લાગ્યો આ કેવો તે રંગ....!!

રાતભર આળોટું ને પડખા બદલું,
જાગું, બેસું ને ઘડીકમાં પાછી સુઈ જાઉં,
શ્યામ મને લાગ્યો આ અનિંદ્રાનો રંગ,
બીજો કોઈ રંગ મને ચડતો નથી,
ઓ શ્યામ મને લાગ્યો આ કેવો તે રંગ.....!!

કાગળ પર કલમથી શબ્દો ઉતારતી,
હું સદા હાથમાં રાખું કાગળ કલમ,
શ્યામ મને લાગ્યો આ સાહિત્યનો રંગ,
બીજો કોઈ રંગ મને ચડતો નથી,
ઓ શ્યામ મને લાગ્યો આ કેવો તે રંગ....!!

મનનાં વિચારોથી હું કાવ્ય કેરી રચના બનાવતી,
દિવસ અને રાતભર કૃતિઓ કંડારતી,
ઓ શ્યામ મને લાગ્યો આ કવિતાનો રંગ,
બીજો કોઈ રંગ મને ચડતો નથી,
ઓ શ્યામ મને લાગ્યો આ કેવો તે રંગ....!!

તાકાત શબ્દોમાં છે કેવી અનેરી,
શબ્દો કેરી માયામાં હું તો પોરવાઈ,
ઓ શ્યામ મને લાગ્યો આ શબ્દોનો રંગ,
બીજો કોઈ રંગ મને ચડતો નથી,
ઓ શ્યામ મને લાગ્યો આ કેવો તે રંગ.....!!

## ૫૫. મારી દીકરી મોટી થઈ ગઈ!

રૂની પૂણી જેવી અડકવાથી બીક લાગતી,
તારી કાલી ઘેલી વાતો, ઝાંઝરીના ઝણકારથી,
કાચની પૂતળી જેવી જોત જોતામાં એક વર્ષની થઈ ગઈ,
મારી દીકરી મોટી થઈ ગઈ!

હંમેશાં સુખ સાથે સગાઈ રહે,
દુઃખ તારાથી સો યોજન દૂર રહે,
દીકરી તારા કિલ્લોલથી ઘર ગુંજી ઊઠ્યું અમારું,
તારા આગમનથી મારી એક મોટી ઇચ્છા બાકી હતી એ પૂરી
થઈ ગઈ,
મારી દીકરી મોટી થઈ ગઈ!

નાની નાની પગલીઓ પાડતી હતી,
ઊભી થતી, બેસતી, આમતેમ ફરતી,
પકડી પકડીને ચાલતી હતી જે આજે ચાલતી થઈ ગઈ,
મારી દીકરી મોટી થઈ ગઈ!

દરેક વસ્તુ લેવામાં કકળાટ કરતી હતી,
આજે એકદમ ગંભીર થઈ ગઈ,
કાલે વાતવાતમાં રિસાતી હતી, આજે મોટા નિર્ણયો લેતી થઈ ગઈ,
મારી દીકરી મોટી થઈ ગઈ!

વિતાવજો વધારે સમય દીકરી સાથે,
ખબર નહીં પડે એને મોટી થવામાં,
ક્યારે બીજાનાં ઘરની શોભા થઈ જશે,
ખબર નહી ક્યારે સૌમ્યા મારી દીકરી મોટી થઈ જશે!

# ૫૬. જે હું તમને કહું

રોજ પડતી સવાર ક્ષણભર પછી ભૂતકાળ બનતી,
વીતેલાં વર્ષનાં લેખાંજોખાંનો ઢગલો છે જે હું તમને કહું.

તકરાર ઝઘડા થયા જેનાં કોરણો માનસપટ પર રહ્યાં,
ના બનવાનું બન્યું ને હૈયું લાચાર થયું જે હું તમને કહું.

ઉત્તરાખંડ ને ઉતરપ્રદેશના પ્રવાસની મોજ માણવા મળી,
પહેલીવાર વિમાનની સહેલ કરવાનો હરખ જે હું તમને કહું.

સાહિત્ય પથ પર આગળ વધવા શબ્દ વાવેતર ગ્રુપ મળ્યું,
પિનાકીનભાઈ જેવાં ગુરુ મિત્રનું માર્ગદર્શન જે હું તમને કહું.

સુખ સુવિધાની લહેરને છેલ્લા દિવસોમાં ગાડી શીખવાનો આનંદ,
પરમાનંદની કૃપા થઈને નિજાનંદનો રાજીપો જે હું તમને કહું.

## ૫૭. મારો દેશ

આપણાં ભારત દેશની સર્વેસર્વા મળીને ગૌરવગાથા ગાઈએ,
શીશ નમાવીને સર્વેસર્વા મળી દેશનાં તિરંગાનું સન્માન કરીએ.

દેશની આઝાદી માટેના લડવૈયા શહીદોની કુરબાની ના વેડફીએ,
દેશના દરેક માનવના મનમાં સ્વસ્વાર્થનું નહીં દેશદાઝને પ્રગટાવીએ,

દેશના વીર સપૂતોની શહીદીને દિલથી વારંવાર નમન કરીએ,
ભારતની રક્ષા કાજે દરેક કામેકાજે સદાય તત્પર રહીએ.

રાષ્ટ્ર કાજે આંખ જો ઉઠાવે કોઈ તો પ્રાણ પણ એનાં હણીએ,
અલ્પ સંખ્યામાં લડીને ન્યોછાવર થઈને દુશ્મનના છક્કા છોડાવીએ.

હિન્દુ - મુસ્લિમ, શીખ- ઈસાઈ દરેક જાતપાતના ભેગા રહીએ,
સંપીને દેશને દરેક ક્ષેત્રે કલા કલરવમાં અમે આગળ વધારીએ.

# ૫૮. પ્યારું મુખડું

પ્યારું મુખડું તારું જોઈને એ તો કેવી મનોમન મલકાઈ જાય
સામેની શેરીથી આવતાં જોઈને શરમાઈ એ ભાન ભૂલી જાય!

પાગલ આંખો એ માંગે તું નજરો સામે હરપળ રહી જાય,
સમજાઉં નજરોને કેમ છબિ જોવાને વિવશ બની જાય!

ચંચળ મન લાલચે ભમતું આમતેમ એ બેફિકર બનતું જાય,
હર એક દિવસ નજરો મળાવીને સંતોષ હૃદયને થઈ જાય!

દિલની હાલત કેવી અચંબિત દિલ કાશ કંઈક બોલી જાય?
તારી સાથે વીતેલી પળો યાદ કરીને મુખે સ્મિત આવી જાય!

ભર શિયાળે થથરતી ઠંડીમાં હૂંફાળો સ્પર્શ એ આપી જાય,
મનમાં ગુંજતી "શીતની શરણાઈમાં" ભાવવિભોર થઈ જાય!

## ૫૯. પ્રેમનો પરિચય

ગંભીર રહેવું ને પછી નમણાં નાજુક ગાલમાં હસવું,
નજર તેજ તીખી કટાર પણ એને કાતિલ ક્યાંથી કહેવું....!

દેખીને પણ અણદેખું કરવું તારું મને વારંવાર,
પ્રેમભર્યા સ્મિતને હૂંફાળી લાગણીનો સ્પર્શ ક્યાંથી કહેવું....!

ઋણાનુબંધથી જોડાયા આપણે બંને એકમેકમાં,
મળીને જાણીતાં થયાં હવે એને અજાણ્યા ક્યાંથી કહેવું....!

તુજના આવવાથી મુજને જીવન પ્યારું લાગવા લાગ્યું,
ઈજ્જત આ દિલની છે એને ખોટી દિલ્લગી ક્યાંથી કહેવું....!

દિલ પણ એકવાર ધબકાર ભૂલી જાય તું જો આવીને મળે,
થઈને ઓતપ્રોત તુજમાં ભળું તો પણ એને ઝંખનાઓની તૃપ્તિ
ક્યાંથી કહેવું....!

## ૬૦. શ્રી રામ એકવાર ધરતી પર તમે આવો

સવાલ તો ઘણાં ઉપજે છે શ્રીરામ,
જવાબના ગડમથલમાં માનવ ફસાય,
શ્રી રામ એકવાર ધરતી પર તમે આવો.

વ્યાપ્યો વેરઝેર, બેઈમાનીથી લોકો ત્રાહિમામ,
હવે તમે અવતાર ધરીને ધરતીને ઉગારો,
શ્રી રામ એકવાર ધરતી પર તમે આવો.

આ સંસારનો નથી રહ્યો કોઈ આધાર,
ડગમગી રહ્યો છે સદંતર સર્વેનો વિશ્વાસ,
શ્રી રામ એકવાર ધરતી પર તમે આવો.

વગર ઋતુએ વરસી રહ્યો કમોસમી વરસાદ,
માવઠાથી ખેડૂતોના પાકને તમે બચાવો,
શ્રીરામ એકવાર ધરતી પર તમે આવો.

ક્યાંક કોરું ધાકોર તો ક્યાંક ધમધોકાર,
સવિશેષ અને સમતોલ રાખવા ધરાને,
શ્રી રામ એકવાર ધરતી પર તમે આવો.

ચાપલુસીથી સગપણમાં ચાલતો વ્યાપાર,
નિંદાથી નહીં ખોટા મસ્કાથી છલતો અપાર,
શ્રી રામ એકવાર ધરતી પર તમે આવો.
ખૂટી રહ્યું છે ધૈર્ય અને ખૂંપી રહ્યા છે પગ,

કાદવમાંથી નીકળવા હિંમત તમે વધારો,
શ્રી રામ એકવાર ધરતી પર તમે આવો.

માનવનો કત્લેઆમ કરવા માનવ કેમ પ્રેરાય?
ગુસ્સા અને નાસમજીથી ભૂલો કરે અપરંપાર,
આ ધરતીને સર્વ પાપ તાપથી તમે બચાવો,
શ્રી રામ એકવાર ધરતી પર તમે આવો

## ૬૧. મીરાં હરિ ચરણે જાગી છે

અગંતના ઘા ઝીલાય ક્યાંથી
કટારી જો કલેજે વાગે છે,
છોડીને રાજપાટ સઘળું
મીરાં હરિ ચરણે જાગી છે.

ધુમ્મસ ઓગળે અમૃત બને
પાંદડે ઝાકળ બિંદુ સરકે,
ઓગળી ખુદ માધવને મળે
મીરાં હરિ ભજનમાં લાગી છે.

આગ લાગે અગન વરસે
ધરતીને ટાઢક ના ક્યાંય પ્રસરે,
મીરાંનાં રૂઠયાતા રાજા રાણાજી,
નરસિંહે નાત ત્યાગી છે.

છે જ ભક્તોના ભગવાન
શ્રદ્ધા જયોત જાગશે પછી,
આવશે હરિભક્તો ભેળાં
સહી શસ્ત્રોમાં એની લાગી છે.

## ૬૨. શું થશે?

દુઃખ પર તો હસી લઉં છું મગર પ્રશ્ન એ થાય છે,
જે દોસ્ત દઈ ગયાં એ દિલાસાનું શું થશે?

હું એ ફિકર કરીને ભટકતી રહી સદા માટે,
મંજિલ મળી ગયાં પછી એ રસ્તાનું શું થશે?

વંટોળિયામાં ફંટાતું રહ્યું આમતેમ કોઈ તણખલું,
સદંતર ખેદાન મેદાન પછી એનાં અસ્તિત્વનું શું થશે?

ચંચળ મનનાં મોજા ઉઠતાં રહ્યાં સમતા રહ્યાં,
ચઢે જો તોફાને પછી પથિકના પથનું શું થશે?

પ્રભાવિત કરતું જોબન તારું અંતરથી સમીપ,
સંવાદો ભારોભાર કર્યા પછી ખાલીપાનું શું થશે?

હૈયાના હાટ સમ ગર્ભમાં મરતાં શિશુને જોઈ,
થીજેલા આંસુએ મમતાળી “તરસી આંખોનું” શું થશે?

પ્રેમથી લગની લાગી હતી ઈશ્વર તને પામવાની,
ભટકેલો માનવી ફસાયો જંજાળમાં પછી અવસરનું શું થશે?

## ૬૩. તુજ સંગાથે

વાત કરું છું તારી સાથે તો,
સમયનો કોઈ ખયાલ રહેતો નથી.

એવું તો શું છે તારી સાથે મેળાપમાં
કે મન પર કોઈ કાબૂ રહેતો નથી.

મળીને ભૂલી જાવ દુનિયાનું સઘળું,
પછી ચંચળ મનને દુનિયાનો આભાસ રહેતો નથી.

મૂર્છિત થઈ જાવ તારા પ્રેમમાં,
પછી ભાનમાં આવવાનું કોઈ ભાન રહેતું નથી.

તુજ સંગાથમાં થઈ જાવ બેફિકર,
પછી કંઈ પણ ચિંતાનો વિષય રહેતો નથી.

આધેડ ઉંમરમાં પણ થઈ જાવ જુવાન,
સુંવાળો સ્પર્શ ખભે હોય તો કોઈ ભાર રહેતો નથી.

તુજ સંગાથે ખોવાઈ જાવ આડાઅવળા માર્ગે કે કોઈ ભીડભાડમાં,
પછી નિવાસે પરત આવવાનો કોઈ વિચાર રહેતો નથી.

# ૬૪. હું સ્ત્રી છું

સ્ત્રી હોવું પણ ક્યાં સહજ છે,
શ્વાસ લેવાના પણ અહીં તો દાયરા છે,
બધી ફરજો નિભાવીએ છતાં અપમાનથી ઘાયલ છું,
કારણ હું સ્ત્રી છું.

વાત આવે લાજ, મર્યાદા કે સ્ત્રીની,
તો તરત સીતા સમાં સો દાખલા છે,
છુટથી રહું જરાક ત્યાં કેટલાકનું છટકી જાય છે,
કારણ હું સ્ત્રી છું.

દીકરી તો જયાં ફક્ત દેવી મનાય છે,
ત્યાં હંમેશાં દીકરાની માનતા મનાય છે,
સર્જન અને વિસર્જન કરવામા સક્ષમ છું,
કારણ હું સ્ત્રી છું.

મુખ પર આવરણ નથી ધરતી,
સુખ દુઃખમાં રહું સદા હસતી,
પ્રેમાળ સ્મિત પર પણ લોકોને કેટલાક સવાલ છે,
કારણ હું સ્ત્રી છું.

સ્ત્રી રૂપે સ્વાતંત્રાતા એ ખોટાં વાયદા છે,
વૈદેહી તું પણ સ્ત્રી છે તેથી એમ ના લખાય,
માનશે સૌ એ શબ્દ તો ચાબખા છે,
છતાં સ્વાભિમાનથી જીવવા મથતો એક સવાલ છું,
કારણ હું સ્ત્રી છું.

## ૬૫. મારે રહેવું છે મૌન

મારું સાંભળે ના કોઈ,
હૃદયની વાત કોને કહેવી?
મળે ના કોઈ આસરો
મારે રહેવું છે મૌન!

આ લાગણીઓ ક્યાં ઠાલવવી?
દુકાળ પડયો છે વહાલનો,
ક્યાં વહે ધોધ પ્રેમનો?
મારે રહેવું છે મૌન!

ભૂલી ગયા જે અમને
થોડીક અણસમજમાં,
હવે સમજાવીને શું કરવું?
મારે રહેવું છે મૌન !

સમજણ સમજણમાં શું ફેર છે?
જે તફાવત સમજે એમાં ફેર છે.
દરેક વાતના થોડી હોય ખુલાસા,
મારે રહેવું છે મૌન!

બોલે એના બોરે વેચાઈ
ના બોલવામાં નવ ગુણ!
મારા બોલેલાને હસી કાઢે,
મારે રહેવું છે મૌન!

જ્યાં શબ્દોનું મૂલ્ય ના હોય,
બોલવામાત્રથી તકરાર થતી હોય,
ત્યાં અર્થ વગર શું બોલવું?
મારે રહેવું છે મૌન!

## ૬૬. બીજું ક્યાં ગમે છે!

નજરથી નજર મળી ગઈ હવે,
તને મળ્યાં પછી બીજું ક્યાં ગમે છે?

ગ્રીષ્મમાં ટાઢક આપે તારી વાતો,
તારી ઠંડક પામ્યાં પછી બીજું ક્યાં ગમે છે?

નયોનોથી પ્રેમ છલકાવતી દ્રષ્ટિ,
તને જોયાં પછી બીજું ક્યાં ગમે છે?

હૈયે અવિરત વહે તારી લાગણી,
તારો સ્નેહ પામી પછી બીજું ક્યાં ગમે છે?

મેંદી રચાવી હાથમાં તારા નામની,
પ્રેમરંગ લાગ્યાં પછી બીજુ ક્યાં ગમે છે?

સુમેળભર્યો સ્નેહ આપણો અદકેરો,
પ્રેમ સુવાસ માણ્યાં પછી બીજું ક્યાં ગમે છે?

મેળાપમાં અનહદ વળગણ તારું,
તને સમર્પિત થયા પછી બીજું ક્યાં ગમે છે?

## ૬૭. એ સત્ય મને હવે સમજાય છે

સત્ય અને વિશ્વાસ કાયમ ઉજાગર થાય છે,
એ અલગ છે અને અલગ જ દેખાય છે,
માર્ગમાં રાહ જોતી કામિની પથરાય છે,
ત્યાં આંખોમાં વસવાટનું મન થાય છે,
છોકરો છે તું ખરેખર ભોળિયો.....
એ સત્ય મને હવે સમજાય છે!

મદમસ્ત આંખમાં જો અમી છલકાય છે,
તોય કોઈ ખૂણે ખાલીપો સર્જાય છે,
ક્યારેક એકલતા આસપાસ વર્તાય છે,
છતાં હંમેશાં હાથમાં હાથ ક્યાં પકડાય છે,
છોકરો છે તો ખરેખર પ્રેમાળ.....
એ સત્ય મને હવે સમજાય છે!

વાત સૌએ જાણવી આ જોઈએ,
જંગ અમથી વાતમાં સર્જાય છે,
તોય હૃદયને બંધનમાં ક્યાં બંધાય છે,
છોને વિશ્વાસની કિંમત કર્યા કરે આ મિથ્યા સંસાર,
છોકરો છે તો ખરેખર અડગ.....
એ સત્ય મને હવે સમજાવે છે!

# ૬૮. પ્રેમાળ સ્મિત

ચહેરો તારો જોઈને હ્દયમાં હાશકારો થાય
એવી હ્દયમાં તૃપ્તિ આવે છે.

ચહેરાઓ તો અલગ - અલગ બધાનાં પણ
પંસદ તો તારો જ ચહેરો આવે છે.

મનને ક્યાં બંધાય બંધનમાં હરઘડી
સર્વત્ર તું જ નજર આવે છે.

રોમેરોમમાં રોમાંચ જગાવે મધુર સ્પર્શથી
ધડકનમાં આવેશ આવે છે.

એકલતામાં પ્રેમાળ સુંવાળા સ્પંદનોથી
મનમાં થનગનાટ આવે છે.

આફરીન થઈ જાવ તને જોઈને ખુશનુમા
ચહેરામાં બહાર આવે છે.

વિહવળ બની હરખ ઘેલી થઉં બાથમાં લઈ લે
એવો ખયાલ મુજને આવે છે.

દર્પણમાં જોઈને હું મનમાં ને મનમાં શરમાવ જઉં
એવું પાગલપન હવે આવે છે.

તુજને નજર ના લાગે કોઈની વારેવારે ઓવારણાં લઉં
એવો નિત્ય પ્યાર મુજને આવે છે.

## ૬૯. પ્રિય સખી

અનન્ય લાગણીઓ લગોલગ વરસાવીએ,
મારી "વહાલપની વેલડીઓ" સાહેલી ચાલને કાંઈક કરીએ... મળીયે.

સમયની ભાગદોડમાં ફસાયા છે બધાં,
પોતાનાં માટે પણ સમય કાઢીએ સાહેલી ચાલને કંઈક કરીએ...મળીયે.

હુંસાતુંસીમાં ન ખોટાં આડંબરો ગૂંથીએ,
મન ભેગા કરીને મળીયે સાહેલી ચાલને કંઈક કરીએ.... મળીયે.

દેખાદેખી ને અદેખાઈ ફુલીફાલી છે દુનિયામાં,
અભિમાનને ઓગાળીએ સાહેલી ચાલને કંઈક કરીએ.... મળીયે.

દોડધામ ભરી છે જિંદગી કેટકેટલું દોડીએ,
એમાં થોડો બ્રેક મારીએ સાહેલી ચાલને કંઈક કરીએ.... મળીયે.

મનમાં ચાલતી ગડમથલો કોને જઈને કહીએ,
આત્મીયતા કેળવીએ સાહેલી ચાલને કંઈક કરીએ.... મળીયે.

વિસરાઈ રહી છે જિંદગી આમ એને રંગીન બનાવીએ,
બધું વીસરીને એકમેકમાં ભળીએ સાહેલી ચાલને કંઈક કરીએ...મળીયે.

## ૭૦. મારા વશમાં

મારા વશમાં હોય તો આ....
ક્ષણિક તારી યાદીને સંઘરીને હૃદયનાં પટારામાં રાખવી છે.

મારા વશમાં હોય તો આ......
તારાં પ્રેમાળ સ્પર્શમાં ડૂંબકી મારીને એકાકાર રાખવી છે.

મારા વશમાં હોય તો આ.....
ગણતરી હોય એવી લાગણીઓને અભણ રાખવી છે.

મારા વશમાં હોય તો આ.....
ખુશહાલ થવાય એવી પૂંજીને કાયમ બાંધીને રાખવી છે.

મારા વશમાં હોય તો આ.....
પ્રફૂલિત મન થાય એવી તારી છબિને દિલમાં ઉતારી રાખવી છે.

મારા વશમાં હોય તો આ.....
લકીર હાથની બદલીને બંધ મૂઠ્ઠીમા સાચવી રાખવી છે.

મારા વશમાં હોય તો આ.....
વહેતાં સમયની ધારાને ક્ષણભર માટે થંભાવીને રાખવી છે.

## ૭૧. સમય આવ્યો વિવાહનો

લાલ અક્ષરે સુંદર લખાણમાં કાવ્યમય કંકોત્રી છપાયો,
શુભ મુહૂર્તે દરેક વિધિ સંપન્ન કરીએ સમય આવ્યો વિવાહનો.

આશા જાગી પ્રભાતે આનંદ, ઉમંગ, ઉત્સાહ છવાયો,
રૂડો અવસર અમ આંગણીયે ને સમય આવ્યો વિવાહનો.

આંખલડીના ખૂણા ભીના ને મંગલગીતનો સૂર ગવાયો,
જીવતરની પૂંજીના હસ્તમેળાપનો સમય આવ્યો વિવાહનો.

કાળજા કેરો કટકો આપી બાપ પણ હૃદયસ્થ ઘવાયો,
ઊઠતાંની સાથે ચહેરો જેનો દેખાયો સમય આવ્યો વિવાહનો.

પૈડું સીંચીને શુભ આશિષ દેતી માનો પ્રેમ ના તોલાયો,
કન્યાદાન કરી કઠણ કાળજે કન્યાવિદાય, સમય આવ્યો વિવાહનો.

'વૈદેહીની' કરુણતા આંગણ લીમડો પણ મુરજાયો,
મંગલ પ્રસંગ અનેરો દીપાવ્યો ને સમય આવ્યો વિવાહનો,

## ૭૨. શિવજી પાર્વતીજીના વિવાહ

શિવરાત્રી શિવજી પાર્વતીજીના વિવાહનો અવસર,
શિવ ચાલ્યા ભૂત-પ્રેત સાથે જાનૈયા બધાં તૈયાર થયાં.

બમ-બમ ભોલેનાથ ભજી હાથમાં લઈ ભાંગ ધતૂરો,
બ્રહ્મા, વિષ્ણુ સાથે લઈને વેદપુરાણ જાનૈયા થયાં.

પ્રકૃતિ અને દેવદેવતા જોઈ શિવોહમ્ જાત બની બહાવરી,
શિવજીની સવારી આવી દ્વારે માતા પોખવા તૈયાર થયાં.

ભભૂતીધારી, ગળામાં સર્પધારી, ભેખધારી શિવજી,
વિકરાળ રૂપ જોઈને મહાદેવનું બધાં અચંબિત થયાં.

કુતૂહલતાથી બધાં નિહાળી રહ્યા'તા શિવગણ જાનૈયા,
માતા મૈનાવતી શિવજીના રૂપથી ભયભીત થયાં.

શરીરની સુંદરતા નાશવંત્ ઉંમર થતાં ઢળવા માંડે,
મનની સુંદરતા શાશ્વત જે સમજે એ ભગવાન થયાં.

શિવજીનાં વાસ્તવિક સ્વરૂપથી સુંદર આ સંસારમાં કંઈ નહીં,
મહાદેવે ચંદ્રશેખર રૂપધરી વિવાહ વિધિ સંપન્ન થયાં.

## ૭૩. પ્રેમમાં દગો

વસ્યું હતું આંખોમાં એ આંખોથી ઓઝલ થઈ ગયું,
વહ્યાં આંખમાંથી આંસુને આંખને દ્રશ્ય વચ્ચેનું અંતર થઈ ગયું.

ફૂલો જેવું કોમળ દિલ કાંટાઓથી ઘાયલ થઈ ગયું,
દર્પણમાં જોયું તો સ્વયંથી અંતર નિરંતર થઈ ગયું.

કાચ હતું પણ તૂટીને તીક્ષ્ણ થઈ ગયું,
તોફાને ચડ્યુંને બધું રફેદફે થઈ ગયું.

હવા વેરી બનીને બધું છૂમંતર થઈ ગયું,
હતું નીર જેવું એ મેલું મંતર થઈ ગયું.

એમના પ્રેમ ને દગા વચ્ચેનું અંતર જે સદંતર થઈ ગયું,
લાગણીઓનાં સમીકરણમાં બધું ખોટું ઠરી ગયું...!

# ૭૪. મને આવડ્યું નહીં

લાખ નિરાશા હતી જિંદગીમાં,
લાખ નિરાશામાં તું આશાનું કિરણ,
પણ એ તને કહેતાં મને આવડ્યું નહીં.
તને જોતાં જ સ્મિત આવી જતું ચહેરા પર,
એ સ્મિત છુપાવતાં મને આવડ્યું નહીં.
જેવું હોય એવું મોંઢે કહેવાવાળા અમે,
ખોટા મસ્કા મારતા મને આવડ્યું નહીં.
દિવસે ને દિવસે સંબંધોમાં કડવાશ વધતી ગઈ,
ખોટી મીઠાશ લાવતાં મને આવડ્યું નહીં.
આપણે તો રહ્યા ચોખ્ખા દિલના માણસ,
ખોટી વાહવાહી કરતાં મને આવડ્યું નહીં.
કહેતા હતા આજીવન સાથે રહીશું,
પણ છૂટા પડ્યા ખોટી સમજણમાં,
એમાં મને સમજાવતાં આવડ્યું નહીં.
સહી લઉં છું તારા વિરહની વેદના,
એ વેદના છુપાવતાં મને આવડ્યું નહીં.
અમે તો રહ્યા સાધારણ અને સાદા માણસો,
ખોટા દાવપેચ રમતાં મને જરાય આવડ્યું નહીં.

## ૭૫. કાયમ મારી ભાળ રાખજે

કાયમ માટે મારી ભાળ તું રાખજે,
ભૂલી જા કંઈ પણ યાદ મને તું રાખજે.
તુજ સંગ પ્રેમ છે અપાર જેની જાણ તું રાખજે.

કંઈક અણધાર્યું સર્જાય જાય જીવનમાં,
તો હૈયાની વાટે આવવાની તૈયારી તું રાખજે.

નથી કશું ખોવાની બીક કે નથી કંઈ પામવાની હોડ,
સર્વસ્વ હૈયે સમર્પિત ભાવ પણ તું રાખજે.

વચનની કોઈ સાંકળ નથી કે નથી સંબંધનો ભાર,
તો પણ અતૂટ સંબંધે બંધાયાં જેનું તું યાદ રાખજે.

ઓતપ્રોત પ્રેમમાં એ પીંજરું નહીં,
પ્રેમ પાંખો આપે જેની ભાળ તું રાખજે.

સંબંધ છે અમાપ જેનું નામ છે યાર,
આપણી અનમોલ યારી કાયમ તું રાખજે.

## ૭૯. બસ, અમને તો રોજ ચાલવા જોઈએ

ઉગતી ભોરે ચંદ્રમાં સાથે સૂર્યની ગરિમા અનેરી,
પરોઢ થતાં રાતલડીના તિમિરને દૂર કરીને,
પરોઢિયે ઝળહળતા અજવાસને નિહાળવા,
બસ, અમને તો રોજ ચાલવા જોઈએ.

આખો દિવસના દોડાદોડીને કામકાજથી,
થાકેલાને રાત્રીની નીંદર રોજ થાક ઉતારતી,
પાછાં પરોઢે હરેકના ચહેરે ઉમંગ, આનંદ જોવાં,
બસ, અમને તો રોજ ચાલવા જોઈએ.

ભલે ના મળે મારગ મોકળો,
પણ હોય જો સાંકડી કેડી જ,
પ્રેમાળ સથવારો સંગાથે હોય તો,
બસ, અમને તો રોજ ચાલવા જોઈએ.

દોડીદોડીને હાંફી જઈએ અમે,
ન કરીએ કોઈને આંબવાનો પ્રયાસ,
ધીમે-ધીમે ચાલીને સ્વાસ્થ સુધારીએ,
બસ, અમને તો રોજ ચાલવા જોઈએ.

જેનાથી આત્મીય જોડાણ છે,
એનો જો રોજ સથવારો હોય તો,
અથાગ દુઃખથી ભવપાર ઊતરવા,
બસ, અમને તો રોજ ચાલવા જોઈએ.

## ૭૭. આ મૂંઝવણ છે!

પથ્થરમાં દેવતા શોધવા ઊણપ વિશ્વાસની છે,
મતલબી દુનિયામાં વ્યાપ્યો અંધવિશ્વાસ છે ભૈ, આ મૂંઝવણ છે!

શબ્દચાતુર્યથી લોભાવી દિલનાં પટારામાં છવારવું છે,
મીઠાસ શોધતા વાતો-કડવી, મીઠી, તૂરી છે ભૈ, આ મૂંઝવણ છે!

ઉઠો તો ઉપાધિને સુવો તો નિત્ય સમાધિ છે,
સૌને સૌની અલગ-અલગ? ધૂરી છે ભૈ, આ મૂંઝવણ છે!

હાવભાવ ને લાગણીનાં નીતરતાં ઘણાં સમીકરણો છે,
આયામો પરથી સૌનું વર્ણન જુદું - જુદું છે ભૈ, આ મૂંઝવણ છે!

પગવાળીને બેસે ક્યાંથી, એ તો કમભાગી છે,
ઢંઢોળો અંતરની નાભિમાં એ તો કસ્તુરી છે ભૈ, આ મૂંઝવણ છે!

## ૭૮. તારા માટે કવિતા લખું

તારા માટે કવિતા લખું....
તને કવિતામાં ઉતારતાં ઉતારતાં
હું તારી અંદર ઉતરી જાવ....
શબ્દ ઓછાં અને વાત વધારે વર્ણવે મારી કવિતા....

તારા શ્વાસ વિશે લખતાં લખતાં....
તારા ધબકારા વિશે લખી જાય મારી કવિતા....

તારી ખૂબીઓ ગણાવતાં ગણાવતાં થાકી એ
તારી ખામીઓ વિશે શોધે મારી કવિતા....

તારો દરેકને માન આપવાની ભાવના પર ન્યોછાવર
તારી હર એક વાત પર નમન કરતી મારી કવિતા....

તારી નજર સામે નજર મીલાવતા મીલાવતા
તારામાં ઓતપ્રોત થવા વિશે લખે મારી કવિતા....

તારા આગમનની ઉત્સુકતા પર વિચારતાં વિચારતાં
તારી રાહની કેડીઓ કંડારે મારી કવિતા....

# ૭૯. મારે મિલકત જાહેર કરવી છે

માર્ચ મહિનામાં મારે હિસાબનું સરવૈયું કાઢવું છે,
મારે એકવાર માર્ચમાં રિટર્ન ફાઈલ કરવું છે,
દોસ્ત જો મારે મિલકતનાં નામે તું હોય તો,
મારે મારી મિલક્ત જાહેર કરવી છે.

મારે હવે કશું સંતાડવું નથી બધો ટેક્સ ભરવો છે,
દોસ્ત ગયા વર્ષની સંપત્તિમાં મારે તને જાહેર કરવો છે,
તારી ભાઈબંધી તો બહુ મોંઘી છે યાર છતાં,
મારે મારી મિલક્ત જાહેર કરવી છે.

દોસ્ત તારી દોસ્તી ખાસ છે તો જીએસટી ટેક્સ લાગશે,
તું મારો છે એના માટે જીએસટી વાળા કેટલાં કાગળિયા માંગશે,
કરવેરો ભરવા કાગળને અપવાદમાં ઉતારવા છે,
મારે મારી મિલક્ત જાહેર કરવી છે.

એક તારા નામને કારણે ત્રીસ ટકાના સ્લેબમાં આવું છું,
તે આપેલી મોંઘીદાટ ક્ષણો મારે ચોપડે ચડાવી છે,
જિંદગી પાસેથી તારા નામની રસીદ ફડાવવી છે,
મારે મારી મિલક્ત જાહેર કરવી છે.

મારું ચાલે તો દોસ્ત તને ગજવામાં સંતાડી દઉં,
કરવેરા અને કરચોરીના લફરાંમાં જ ન પડું છતાં,
સરકારને કરવેરો ભરવો છે કશે કરચોરી કરવી નથી,
તારી સાથે અમૂલ્ય ક્ષણો વીતાવીને ? હંમેશાં સ્મિત કરવું છે,
મારે મારી મિલક્ત જાહેર કરવી છે.

# ૮૦. મારું ગામડું

આ તો છે મારા ગામડાની વાત...
જ્યાં સવાર શોર બકોરથી નહીં પણ પક્ષીઓની કલરવથી થતી,
જ્યાં શિયાળાની સવારમાં ઝાકળની જમાવટ, લાલીમાં પાથરતો સૂરજ,
જ્યાં અમે રહેતાં દરિયાનાં કાંઠે રમતાં રેતીમાં ઘરઘર,
જ્યાં સવાર સાંજ સિમેન્ટની ફેક્ટરીના ભૂંગળાના અવાજથી થતી,
જ્યાં ઘર શોધવા ઘર નંબર નહીં પણ પપ્પાના નામથી મળતું,
જ્યાં સવાર શીરામણથી શરૂ બપોરેનો રોંઢો ને રાત્રી વેળાએ વાળુથી ઓળખાય,
જ્યાં ટીવી મોબાઈલના આવિષ્કાર નહોતાં પણ ફળિયાની વચ્ચે વાર્તાઓ સાંભળતા,
જ્યાં સવાર ઓલ ઈન્ડિયા રેડિયોનાં સુહાના ગીતોથી થતી,
જ્યાં શાક ને બકાલું કહેતા, માર્કેટ ને બજાર કહેતાં
સીધાસાદા લોકો અને સ્નેહ ભરપૂર,
જ્યાં સગાંવહાલાં કરતાં પડોશીને પરમ મિત્રોનાં પ્રેમનું વધુ સગપણ,
જ્યાં પાણીપૂરી, પીઝા, સેન્ડવીચ નહીં
પણ ચાર આનાની સૂકી કચોરીની મજા હતી,
જ્યાં ગણતરી પૈસાની ખોજની ના હતી મનની મોજની હતી,
સાહેબ... આ તો છે મારા ગામડાની વાતો... કેમ રે ભુલાય !

## ૮૧. તને મળીને

વીતી ગઈ એ ઉંમર હતી,
મળી મને જિંદગી તને મળીને.
અશ્રુઓને કહો બહેકાવવાનું છોડી દે,
વગર જામે નશો ચડ્યો છે તને મળીને.
માર્ગમાં પથરાયેલા ફૂલ સાથે કેટલાક કાટા હશે,
એ માર્ગ પણ મને સુંવાળો લાગશે તને મળીને.
જીવનમાં મળ્યા બહુરૂપી માણસો કાવાદાવા કરવા વાળા,
પણ મળ્યો મને પૂર્ણવિરામ તને મળીને.
મજબૂત હાથની પકડ સાથે દ્રઢ મનોબળવાળો,
સમય જતા મારે ગાઢ સંબંધ બંધાયા તને મળીને.
મૂંઝાતી હતી મનમાં કેટલીક ગડમથલોમાં,
હૂંફનો મને સથવારો મળ્યો તને મળીને.
દરિયાના વમળોમાં ફસાઈ હતી અમ નાવડી,
મળ્યો મને કિનારો તને મળીને.
વાંચન લેખનનો તો શોખ બહુ ઘેલો હતો,
વાચા મળી મારા શબ્દોને તને મળીને.

## ૮૨. સર્જનહાર તું છે તો હું છું!

કુદરત દરેક ક્ષણે ક્ષણે, અવનવા રંગ પાથરતો,
ખૂબસૂરતીમાં સમિષ્ટ સમાવતો, સર્જનહાર તું છે તો હું છું!

સ્વાર્થથી હર જીવ જોડાયો, કાયમ રહે અસંતોષ,
છતાં નિસ્વાર્થ પ્રેમ આપી સાચવે, સર્જનહાર તું છે તો હું છું!

ઓળખીએ સૃષ્ટિના સર્જનહારને, મુસીબતમાં હાથ પકડતો,
ભક્ત તણો રખેવાળ, સર્જનહાર તું છે તો હું છું!

સદાય હસતું મુખ પ્રભુ, તારું રૂપ નિરાળું,
પ્રેમ તણું ઝરણું વહાવતો, સર્જનહાર તું છે તો હું છું!

તારો જ અંશ થઈને જન્મ્યો, શિર પર રહે સદા ઈશની કૃપા,
મુજ હૃદય કમળે બીરાજતો, સર્જન હાર તું છે તો હું છું!

મજધારે આવી માધવ મળે, નિષ્ઠાધારી ભજન ભજતો,
અડગ મને ઈશને પૂજતો, સર્જનહાર તું છે તો હું છું!

અવકાશે ઊંચે દૂર ગગનમાં, ઓમ ધ્વનિ વ્યાપ્તિ અંબરે,
સર્વેશ્વર ઓમકારમાં સમાયેલ, સર્જનહાર તું છે તો હું છું!

## ૮૩. ચાલને સમયને પારે જઈએ

ચાલને દોસ્ત હાથ પકડીને સમયને પારે જઈએ,
જ્યાં એકમેકનાં મન મળે કોઈ એવા સ્થળે જઈએ.

સાયકલની સવારી કરી તું આગળને હું પાછળ,
મુક્ત મને ફરીએ, દોસ્ત ચાલને સમયને પારે જઈએ.

દૂર ગગનમાં ભોમિયાની જેમ ભમિયે,
બાળપણને વાગોળિયે દોસ્ત ચાલને સમયને પારે જઈએ.

દરિયાનાં કાંઠે ઊભાં રહીને મોજાઓ નીહાળીએ,
ઉછળતાં મોજા ગમ ભૂલવે, દોસ્ત ચાલને સમયને પારે જઈએ.

મિત્રોની ટોળકી સાથે સાગર કાંઠે સાયકલમાં નીસરીએ,
પ્રેમ અને લાગણીથી મહાલીએ દોસ્ત ચાલને સમયને પારે જઈએ.

સંબંધો સાચવીને ગંભીર થઈ બહુ જીવ્યા,
દરિયાનાં કિનારે સાયકલ હાથમાં ઉંચકીને ગાંડપણ કરીએ,
દોસ્ત ચાલને સમયને પારે જઈએ.

પર્વતની ટોચના કિનારે બેઠેલા હું ને તું નીચે વહેતો સાગર,
માર્ગ થઈ ગયો સમાપ્ત હવે ક્યાં જઈશું વહાલા?
પાછા પોતાનાં જ માળામાં ફરીએ, દોસ્ત ચાલને સમયને પારે જઈએ.

બધાં સગપણથી સ્વતંત્ર થઈને વિચારીએ,
અંતર મનથી એકમેકમાં મળીએ, દોસ્ત ચાલને સમયને પારે જઈએ.

આથમતાં સૂરજની લાલીમાં આંખોમાં ભરીએ,
સોહામણી સાંજે દરિયામાં ડૂબતાં સૂરજને દેખીએ, દોસ્ત ચાલને સમયને પારે જઈએ.

દરિયા કાંઠે રેતીમાં આંગળીના ટેરવાથી નામ લખતાં,
પાછું મોજું આવેને ભૂસાઈ જવાની રાહ જોતાં,
ઘૂંઘવાતાં દરિયા સામે બેસી ગાંડપણ કરતાં એવું જ ફરી ફરી કરવા, દોસ્ત ચાલને સમયને પારે જઈએ.

# ૮૪. ભટકેલું મન

પુષ્પમાં ધબકી રહેલો પ્રાણ છું, તોય પ્રેમથી નીતરતા વહાલ સુધી ગયા,
ભ્રમર ખીલવે આખા બાગને, પુષ્પમાં બંધાઈને ભ્રમરના પ્રાણ સુધી ગયા.

કલમ ને કાગળનાં સથવારે સાહિત્યની આગળ હૃદયનાં ભાવ સુધી ગયા,
મારી કવિતાના દરેક સ્પંદનોમાં પ્રાણ એવા ભાવનાના હાર્દ સુધી ગયા.

દોસ્તી નિભાવવી'તી એટલે જ પરમ? મિત્રતામાં દોસ્તોના ડેલા સુધી ગયા,
બેપરવાહ થઈને દોસ્તીની ખાતર તો દુશ્મનો સાથેના વેર સુધી ગયા.

સાપનાં નિવારણ માટે થઈને દેવો ને દાનવો વિષ્ણુ ભગવાન સુધી ગયા,
અમૃત માટે થઈ દેવો ને દાનવો લોભ -લાલચ કરીને સમુદ્રમંથન સુધી ગયા.

વિષ્ણુ મોહિની રૂપ ધરીને દાનવોને મુગ્ધ કરીને મદહોશ સુધી ગયા,
અંતે સ્વર્ગના અધિપતી બની હરિકૃપાએ દેવો અમૃત પાન સુધી ગયા.

સ્વર્ગ ને નરક અહીં જો દીન-દુઃખીઓ ને લાચારની સમજ સુધી ગયા,
શ્રધ્ધાસુમન ને જીવદયા રાખી તમારા કર્મ ઈશ્વરનાં ચરણ સુધી ગયા.

અમૃતજી 'ઘાયલ' કહે ખપતું'તું સ્વર્ગ એટલે જ લોકો ઈશ્વર સુધી ગયા,
'વૈદેહી' કહે સ્વર્ગ તો અહીં જીવ માત્ર શિવ પછી શાને સ્વર્ગ સુધી ગયા?

## ૮૫. પ્રેમમાં

અંજપો તો ગયો બધો મારો તારી સાથેની વાતમાં
જાણીને મનોમન હરખાવ કેવી હશે એ મુલાકાતમાં

પરોવાય છું હું સોહામણા સપનાંઓની રાતમાં
આવ્યો છે આ કેવો બદલાવ મારી જાતમાં

સોનેરી રંગોથી રંગાઈ છું ભાતભાતમાં
મન મૂકીને ભીંજાવ તુજ સંગ વરસાદમાં

સામે આવતા શરમાઈ છું કેવાં ખંજન પડે છે મારા ગાલમાં
ભાનભૂલીને હરખાઈ છું તારી ચાહતમાં

સહિયરો ખીજવે છે કેવી હોય એ પિયુ સંગ મુલાકાતમાં
ઉમળકાથી તારી જ વાણી હોય મારી બધી વાતવાતમાં

મારા વહાલા વડીલોએ ગોત્યો છે તને મારી નાતમાં
ભવોભવની પ્રીતથી બંધાઈ તુજ સંગ સ્નેહ બંધનમાં

# ૮૯. સારાં મુરતિયાની શોધમાં

પોઢી'તી પારણામાં શાંતિથી જરાક અવાજથી દીકરી તને બહાના રડવાના થઈ ગયાં,
રમકડાં અપાવતાં નીતનવા છતાં ખોટા કજિયા દીકરી તને જીદના થઈ ગયા!

પ્રેમથી ઉછેરી મોટેરી કીધી ભણાવી ગણાવીને હવે વડીલો બેધડક થઈ ગયા,
દરેકનાં સમાજમાં દીકરીઓ ભણતી અને દીકરાના ભણતર ઓછાં થઈ ગયા!

સુશીલ, કદ, કાઠી, રંગેરૂપે દીકરી બહુ સારી પણ હવે સગાઈના સપનાં થઈ ગયા,
મુરતિયા જોયાં કેટલાંય બધામાં થોડાંક કંઈક ગણા-અણગમા થઈ ગયા!

મનનો માણીગર આવશે ને લઈ જશે એવા હવે અભરખા ખોટા થઈ ગયા!
ઉંમર વીતી રહી આમને આમ સગાઈ થશે એવા હવે આશ્વાસન નકામા થઈ ગયા!

દીકરી ભણેલી હોવા છતાં મુરતિયો ભણેલો મળશે વિચારો એ જૂઠ્ઠાં થઈ ગયા,
માણસો જુનવાણી જ હોય ખુલ્લાં ને ભણેલાં મળશે એ આશમાં નિરાશ થઈ ગયા!

## ૮૭. નાનપણમાં ડોકિયું

નવા સપનાં લઈને ઉગતી અનેરી સવાર,
સાંજ થતાં વિતી ગયેલા સમયની જેમ સપનાં પણ આથમે છે,
એ આથમતા સપનાને પૂરાં કરવાનું મન થાય છે.

ક્યાંક નાનપણની વાતો કિલ્લોલ મસ્તી,
યાદોનું એ દર્પણ રોજ નાનપણને વાગોળે છે,
ચિંતા વગરની એ દુનિયા હજુ પણ ત્યાંજ વસવાનું મન થાય છે.

કેવાં હતાં એ દિવસો રોજબરોજની માથાકૂટ વગર,
જાતજાતની રમતો અને રમતોમાં ચિચિયારી છે,
એવા નાસમજ થઈને બાળક બનવાનું મન થાય છે.

હોકી મારી પ્રિય રમત ખોખો સાતોડિયું પણ રમતાં,
કોડી, પાંચીકાની રમત તો લાગતી બહુ પ્યારી,
બાળપણમાં ડોકિયું કરીએ તો નાનું જ રહેવાનું મન થાય છે.

સમજણ આવી ગયા પછી સઘળું બદલાય જાય,
ભણતરનો બોજ ઘરકામ (હોમવર્કની ચિંતા,

પણ એ જ જીવનને હવે ખુલ્લા આકાશમાં વિચારવાનું મન થાય છે.
બંધાઈ ગઈ છે જિંદગીને પૂરાઈ ગયો છે માનવી,

જવાબદારી ભર્યા જીવનમાં બધાનું ધાર્યું કર્યું,
પણ હવે મુક્ત મને પોતાના મનનું ગમતું કરવાનું મન થાય છે.
સાચાખોટાની સમજણ વગર ખુશ થઈ જવાય,
એ નિખાલસ જીવન હસી ખુશીનો આધાર હતી,
બધાને સાચવીને પણ હવે ખુદને પ્રેમ કરવાનું મન થાય છે.

## ૮૮. અવનવા રંગોથી રંગાયેલી તું

નાનપણની કાકલૂદી અને યુવાનીના અભરખા સાથે,
સપ્તરંગી સપનાં લઈને સાસરે પ્રવેશતી,
અવનવા રંગોથી રંગાયેલી તું...

કલ્પના હોય પોતાના ભરથારથી એ લગ્ન પછી,
બધાં ઓરતા થોડા મળ્યાને થોડા ગુમાવ્યાને જાણતી,
અવનવા રંગોથી રંગાયેલી તું...

સાસરે આવેલી નવલી નાર પોતાના ભરથારની ઝરૂખે રાહ જોતી,
કામ પરથી પરત આવતાં બની હરખઘેલી,
અવનવા રંગોથી રંગાયેલી તું...

કંઈક નવું ખાનપાન નવા સભ્યો બધાનું સાચવતી,
રોજ સવારે ઊઠીને પ્રાર્થના કરતી કંઈ ભૂલ ના થાય,
વાનગી અને રસોઈમાં ભૂલ થાય તો પણ નવા પ્રયત્ન કરતી,
અવનવા રંગોથી રંગાયેલી તું...

એક કુવારીકા પછી પત્ની પછી મા બનીને સંપૂર્ણ સ્ત્રી બનતી,
માતૃત્વ મેળવીને પોતાની કાયાનું પણ ન્યોછાવર કરતી,
અવનવા રંગોથી રંગાયેલી તું...

અત્યાર સુધી કોઈનું પણ ના સાંભળતી હઠીલા, ભોળપણ સાથે,
પણ હવે દાંપત્ય જીવન સંભાળતી,
અવનવા રંગોથી રંગાયેલી તું...

# ૮૯. પૂજ્ય મોરારી બાપુને સમર્પિત

## શીર્ષક : જય સીયારામ

જનમ્યા મહુવાના તલગાજરડાની સોરઠ પાવન ધરા પર,
ભેખધારી અનોખા મોહમાયા અહંકારને ત્યાગનાર,
મોરારીબાપુ એમનું નામ.

નિર્મોહી, નિરામય, મહાપુરુષ સંત શિરોમણી,
શ્વેત વસ્ત્ર કાંધે કાળી કમણીધારી,
મોરારીબાપુ એમનું નામ.

રામાયણ કથા કરી દેશ વિદેશમાં ડંકો વગાડતાં,
સત્ય, પ્રેમ, કરુણાના વિચારોવાળા,
મોરારીબાપુ એમનું નામ.

રામકથાની શરૂથી સમાપને કાયમ હનુમાનજી બીરાજતા,
બાપુ જય સીયારામનો નારો બોલાવતાં,
મોરારીબાપુ એમનું નામ.

દરેકેદરેક જીવ પર કરુણા વરસાવીને સંસ્કારોનું સિંચન કરી,
કર્યા વ્યસન મુક્તિના કામ,
મોરારીબાપુ એમનું નામ.

વ્યાસ પીઠે અવિરત વહે વાણી, ગુજરાત કેરું બહુમૂલ્ય રતન,
શ્રદ્ધાપૂર્વક કરીએ એમને શત્ શત્ નમન,
મોરારીબાપુ એમનું નામ.
જય સીયારામ, જય જય સીયારામ.

## ૯૦. ગાડરિયો પ્રવાહ

ઉત્સવો ઉજવે સૌ શ્રધ્ધાથી, પણ અંધશ્રદ્ધાની આંધળી દોટમાં,
માનવી ફસાયો ગાડરિયા પ્રવાહમાં.

આસ્થા સાથે ગણેશજી લાવી, દરિયે વિસર્જન પછી બાપાને રઝડાવતા,
માનવી ફસાયો ગાડરિયા પ્રવાહમાં.

શ્રાધ્ધમાં કાગવાસ દેતા, મૃત પિતૃને પહોંચે એવું માનતાં,
માનવી ફસાયો ગાડરિયા પ્રવાહમાં.

ડીજેના તાલે ગરબે ઘૂમી, સૌ નર - નાર માતાજીને ભૂલતાં,
માનવી ફસાયો ગાડરિયા પ્રવાહમાં.

દશેરા પર રાવણ દહન પર, મનના રાવણને ના બાળતા,
માનવી ફસાયો ગાડરિયા પ્રવાહમાં.

કાળીચૌદશ પર વડા બનાવી, ચાર રસ્તા પર કકળાટ કાઢતા,
માનવી ફસાયો ગાડરિયા પ્રવાહમાં.

દિવાળી પર ફટાકડા ફોડી, ધુમાડાનું વાયુ પ્રદૂષણ કરતાં,
માનવી ફસાયો ગાડરિયા પ્રવાહમાં.

શ્રધ્ધાના નામે મંદિરમાં લાખો લૂટાવતા,
હાથોહાથ રામરોટી ના જમાડતા,
માનવી ફસાયો ગાડરિયા પ્રવાહમાં.

ઉતરાયણ પર અગાસીએ પંતગ ચગાવી, ઉંધીયા - જલેબીની
જયાફતમા નાણાં વેડફતા,
માનવી ફસાયો ગાડરિયા પ્રવાહમાં.

શ્રધ્ધાની દોર થકી હરિથી જોડાઈ, તૈ અંધશ્રદ્ધાથી થઈ વિમુખ,
માનવી ચાલે સાચા રસ્તામાં.

# ૯૧. અધૂરો પ્રેમ

નીરખી મને આંખોમાંને આંખોમાં શરમાતો હતો,
દીવાનો હતો મારો કે ખાલી મારી આંખોને તાકતો હતો.

ક્યાંથી ને ક્યાંથી લપાય છૂપાયને જોતો હતો,
નીરખી એને મારી આંખો અમીને મોં મલકાતું હતું.

સામે નીરખી એ પણ મનમાંને મનમાં મલકાતો હતો,
જઈને કહો કોઈ હું એને પસંદ કરતી હતી.

સમયને પોતાનો બનાવીને સમયને ઘૂસ આપીને,
એની સાથે અલકેદો સમય વીતાવવો હતો.

કહેવું એને મારે ઘણું હતું પણ કદી કહીં ના શકી,
યાર હજુ યે સમય ઘણો છે તું ઈઝહાર કરી લે.

કામ તો કરતાં હતાં અમે બન્ને એક જ ઓફિસમાં,
હું સામે જોતી તો એ નજર બીજી બાજુ કરતો હતો.

એની સાથે ગુફતેગો તો ઘણી કરવી હતી,
પણ કહેવાની હિંમત એ પણ ના કરી શક્યો ને મેં પણ નાં કરી.

## ૯૨. પતંગોત્સવ

મુક્ત આકાશમાં ઊંચે ઉડે એક નિર્જીવ પક્ષી,
હવામાં આમતેમ ડોલે, પેચ થાય, કપાય, ફરી પાછી બંધાય...
જેનું નામ પતંગ.

આવ્યો આવ્યો રે પતંગોત્સવ આવ્યો,
ધનુર માસ વીત્યો હવે લગ્નોત્સવ આવ્યો.

કોઈ ખાય મમરાનાં લાડુને કોઈ ખાય તલ, શીંગની ચીકી,
કોઈ પકડે ફીરકી ને કોઈ ઉડાવે પતંગ એવો પતંગોત્સવ આવ્યો.

અશ્વમેઘ યજ્ઞનું પુણ્ય પ્રાપ્ત કરાવવા,
માઘ સ્નાન કરવા ધનુર માસ આવ્યો.

દાન, ધરમના ભાતા બાંધવા,
પુણ્ય પ્રાપ્ત કરાવવા મકરસંક્રાંતિ આવી.

અમદાવાદને કચ્છના ધોરડાનો પતંગોત્સવ,
દુનિયાભરમાં વખણાય એવો પતંગોત્સવ આવ્યો.

દોરી રંગાઈ ને જાતજાતની પતંગો લઈ,
ધાબા પર બે દિવસ મોજ મજા કરવા એવો પતંગોત્સવ આવ્યો.

કાલે પકડતી હતી નારી વેલણ એ આજે પકડે પતંગની દોરી,
હાલમાં નર-નારાયણી એક સમાન એવો પતંગોત્સવ આવ્યો.

બધાં તહેવારોનો સંયોગ એવી તો ઉત્તરાયણને વાસી ઉત્તરાયણ,
ફટાકડાને ગરબાની ધૂમ એવો પતંગોત્સવ આવ્યો.

ઊંધિયું, જલેબીની જયાફત ઉડાડવા ઉતરાણને,
વાસી ઉત્તરાયણે ખીચડો રાંધી ખવાય,
એવો અનેરો આનંદ કરાવવા પતંગોત્સવ આવ્યો....

## ૯૩. મારી કવિતા

મારી જેમ ખુદમાં જ અલમસ્ત રહેતી મારી કવિતા,
હૈયાના ભાવ પ્રગટ કરીને કલરવ કરતી મારી કવિતા.

શબ્દો થકી ભાવ દર્શાવું ધ્યાનથી સાંભળ મારી કવિતા,
મિજાજે ભારી ન બોલેલું ઘણું કહી જતી મારી કવિતા.

"હું કવિતા છું" કહીં શબ્દો થકી કાગળ પર ઉતરતી મારી કવિતા,
મુસીબતોમાં હૃદયનાં તાણાવાણા કહેતી મારી કવિતા.

અદકેરી શણગારી રુપે રુપે સજાવી મેં મારી કવિતા,
મારી જિંદગીની ખુલ્લી કિતાબ સમ દીઠે મારી કવિતા.

સમજો તો શબ્દો વેદી બાણથી ઉભરતી મારી કવિતા,
કવિની કૂખે જન્મેલ નવજાત કુમળું બાળક મારી કવિતા

કસુંબલ કેસરી રંગે ખમીરવંતુ સર્જન કરતી મારી કવિતા,
માધુર્યતા ભરી રુદિયામાં અદમ્ય ચકચાર જગાવે મારી કવિતા.

વ્યથા વેઠીને અભિવ્યક્ત થઈ રચાતી અલાયદી મારી કવિતા,
પડઘાની આડશમાં શોરબકોરથી ઉધામા કરતી મારી કવિતા.

પરમાનંદને શોધવા ભવોભવના ભાથાથી દૂર રહેતી મારી કવિતા,
બ્રહ્માનંદને પામવા હરિ ભજને નિજાનંદમાં ખુશ રહેતી મારી કવિતા.

## ૯૪. તો ગમે!

આભાસી હોય છે મનનાં મૃગજળ,
અવિસ્મરણીય સમય આપે, તો ગમે!

હાથ ખુલ્લા ને હૃદય પણ ખુલ્લું છે,
જિંદગીભર સાથ આપે, તો ગમે!

આભ સાથે મિત્રાતા છે મારે,
પાંખ જો સંગાથ આપે, તો ગમે!

દરેક સંબંધમાં કંઈક બાંધછોડ હોય,
મનભેર જો માન આપે, તો ગમે!

કેવળ મુખ પર સહયોગી વલણ નહીં,
હૃદયથી જો ભાવ આપે, તો ગમે!

ઉંમરના એક દાયકા પછી અનુભવોનું ભાથું બંધાય,
સગપણ વગર નિરંતર સ્નેહ આપે, તો ગમે!

# ૯૫. એક લીલું પાન

ખીલતાં ગુલાબ જેવા ગોટા સંગ,
ડાળીએ વાયરે ઝૂલતું એક લીલું પાન.

પાનખરે ખરે વંસતે લીલુંછમ બની,
નાજુક ડાળીએ ખીલતું એક લીલું પાન.

ગુલદસ્તાના અનેક રંગબેરંગી ફૂલો સાથ,
ગુલદસ્તાની શાન વધારતું એક લીલું પાન.

હરિ કેરો સંગ તેવો રંગ લાગ્યો ને,
મુજ કાળજે કોરાણું એક લીલું પાન.

કાયા નિઃસહાય તોય હરિ ભજનમાં નાચે,
ઉંમરને પણ હાથતાળી દેતું એક લીલું પાન.

## ૯૬. શબ્દોની ગૂંચવણ

શબ્દથી ઝખ્મ, શબ્દથી મલમ,
શબ્દથી જ રુઝાય છે.

શબ્દ કટુ, શબ્દ પ્રેમાળ,
શબ્દની મારામારી થાય છે.

શબ્દથી વિશ્વાસ, શબ્દથી દગો,
શબ્દથી જ બધાં સંબંધ બંધાય છે.

શબ્દ ફૂલ, શબ્દ કાંટા,
બે શબ્દ લાગણીનાં બોલાય છે.

શબ્દથી હૂંફ, શબ્દથી ચિંતા,
ચાર શબ્દ બોલતા મન નિર્મળ થાય છે.

શબ્દોને ધાર નથી,
તો પણ શબ્દો વાગે છે.

શબ્દોથી તો વાંચક અને લેખકનાં
ગાઢ સંબંધો અતૂટ બંધાય છે.

# ૯૭. એવી હું નથી

ભટક્યા કરે છે મન આદતોને વશ,
પણ બહાનાં સપ્તપદીમાં શોધું એવી હું નથી.

પ્રેમ તો છે કુદરતની અદાકારીમાં,
પણ આનંદમાં જ ખોવાઈ જાવ એવી હું નથી.

મને સ્વજનો સાથે બહુ આત્મીયતા છે,
પણ કામથી જ વ્યવહાર રાખું એવી હું નથી.

જીવનમાં બધું છે છતાં કંઈક ખૂટે છે,
પણ હરપળ સુખનાં કારણો શોધું એવી હું નથી.

ક્ષણભરમાં જીવી લઉં હું સદી,
પછી જીવનને સપનામાં શોધું એવી હું નથી.

મોત તો સત્ય છે જિંદગી ગમે ત્યારે દગો દેશે,
પણ મોત કેરાં નામથી ગભરાવ એવી હું નથી.

સિક્કાની બે બાજુની જેમ લોકો શું વિચારશે?
એવી બીકથી વહેવાર ચૂકી જાવ એવી હું નથી.

જાન દીધો છે પ્રભુએ ચાર દિ' માટે ઉધાર,
એને પાછો સોંપતા ખચકાઉ એવી હું નથી.

# ૯૮. એપ્રિલનું ફૂલ

એપ્રિલ "ફૂલ" ફૂલ આ કેવું મજાનું એપ્રિલનું ફૂલ,
મૂર્ખ બનીને પણ બધાંને હસાવે એપ્રિલનું ફૂલ.

ગંભીર જીવન શૈલીમાંથી મહેકાવે એપ્રિલનું ફૂલ,
ગુલઝાર બનીને જીવનને બેહકાવે એપ્રિલનું ફૂલ.

રોજિંદા જીવનમાં થોડી મીઠાશ મમળાવે એપ્રિલનું ફૂલ,
મૂરઝાયેલા ચહેરામાં સ્મિત ખીલવે એપ્રિલનું ફૂલ.

નિખાલસ મૈત્રીથી મસ્તીમાં મસ્ત કરાવે એપ્રિલનું ફૂલ,
મજાક મસ્તીમાં હૃદયને પ્રફુલ્લીત કરાવે એપ્રિલનું ફૂલ.

પ્રતિ વર્ષ પ્યારું પુષ્પ મહેંક પ્રસરાવે એપ્રિલનું ફૂલ,
હર્ષ કરાવીને દુઃખ દર્દ વિસરાવે એપ્રિલનું ફૂલ.

## ૯૯. મનમંદિરમાં વસેલા

દરેક ચહેરામાં મને તારો ચહેરો દેખાય છે,
યાર ઈશ્કનો જાદુ ચારે તરફ પથરાય છે.

દિલમાં મીઠો ભાવ સ્થાપી અલકેદો દેખાય છે,
મદમસ્ત સ્મિતથી આંખે અમી છવાય છે.

મનમંદિરમાં વસાવી ખુદમાં ખુશ દેખાય છે,
હૃદયનાં ખૂણે ઈશ સમ છબિ સજાવાય છે.

બાહુપાશમાં જકડીને હવા અલુપ્ત દેખાય છે,
પિયુની પાવન પ્રીતથી પ્રણયે શરમાય છે.

રોમેન્ટિક પળોથી તૃપ્ત મન શાંત દેખાય છે,
અમૂલ્ય ક્ષણોને યાદોનાં પટારામાં સચવાય છે.

# ૧૦૦. પૈસાની ઉધારી

રાતદિવસ તુજમાં રાચવાની આદત પડી છે મારી,
નથી તારા વિના બીજી કશી નબળાઈ મારી.

કહેવાય જાય કંઈક ખોટું દલીલબાજીથી મારી,
પછી સ્નેહદીપ લઈને ગોતું દરેક ગલીએ તારી,

દિલની સાફ કેમ કરીને વર્ણવું સચ્ચાઈ મારી,
ખરડાઈ નથી ચડી છે ધૂળ છબિ માથે ભારી.

અજાણ્યા પર વિશ્વાસ કરીને ભાન ભુલાઈ મારી,
છેતરવા એકબીજાને તૈયાર હોય અહીં દુનિયા સારી.

ફોગટમાં અહીંયાં કશું જ મળતું નથી યાર,
સઘળી ઉધારીને હવે સુધારી લે બધી તારી.

આપેલા ઉછીનાં પૈસા બાબતે ચોખવટ બધી મારી,
પૈસાનાં વહેવારથી બગડે છે સંબંધો બધાનાં ભારી.

તકરારથી દૂર રહીને સમાધાનની ભાવના મારી,
કોઈપણ સમસ્યાનું નિરાકરણ હોય હાથવેંતમાં તારી.

o o o




નામ : બીના નિલેશ પીઠડીયા, વૈદેહી

પિતાનું નામ : કિશોરભાઈ એ. રાઠોડ

જન્મ તારીખ : ૨૪-૦૩-૧૯૭૭

જન્મ સ્થળ : મોરબી

શિક્ષણ : ૧૨ સાયન્સ

શોખ : વાંચન, લેખન, ગીત, સંગીત વગેરે

સાહિત્ય સેવા : કવિતા, ગીત, ભજન, ગઝલ, હાયકુ, કાયકુ તાન્કા, મુક્તક, મુક્ત પંચિકા, પિરામિડ, સોર્ટ એન્ડ સ્વીટ, લેખ, સત્ય ઘટના, ટુંકી વાર્તા, માઈક્રો ક્રિએશન વગેરે



વિશ્વ હિન્દી સાહિત્ય સંસ્થાન

૯, માધવ પાર્ક, વિભાગ-૨,

માધવ ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે,

વસ્ત્રાલ, અમદાવાદ-૩૮૨ ૪૧૮.

9 789359 800530